

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 304
Dt.: 09-09-2025,
Tuesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 • Email : navsarjansanskruti2016@gmail.com • Email : navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com


### SIR ને લઈને સુપ્રીમ કોર્ટનો મોટો આદેશ

## આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે માન્યતા આપવાનો આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

બિહાર ચૂંટણી પહેલા સુપ્રીમ કોર્ટે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પર મોટો આદેશ આપ્યો છે. કોર્ટે આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે માન્યતા આપવાનો આદેશ આપ્યો છે. આનાથી બિહારના લાખો મતદારોને ફાયદો થશે, જેઓ મતદાર ઓળખપત્ર અને આધાર કાર્ડને ઓળખ ન હોવાને કારણે મતદાર યાદીમાં પોતાનું નામ ઉમેરવા માટે પોતાના જૂના દસ્તાવેજો બતાવી શક્યા ન હતા. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને તેના અધિકારીઓને આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે સ્વીકારવા સૂચનાઓ જાહેર કરવા જણાવ્યું છે.






બિહાર SIR પર સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, SIR પ્રક્રિયામાં મતદારોને સામેલ કરવા માટે ઓળખના હેતુ માટે આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે ગણવામાં આવશે. અધિકારીઓને આધાર કાર્ડની પ્રામાણિકતા અને વાસ્તવિકતાની પુષ્ટિ કરવાનો અધિકાર રહેશે.

તેને નાગરિકતાના પુરાવા તરીકે સ્વીકારવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે બિહારમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)માં મતદાર ઓળખ માટે આધારને દસ્તાવેજ તરીકે સ્વીકારવા પર વિચાર કરવા ચૂંટણી પંચને કહ્યું, અને સ્પષ્ટ કર્યું કે, તે કોઈ નાગરિકતાનો પુરાવો નથી. ચૂંટણી પંચે સુનાવણી દરમિયાન જણાવ્યું કે, "૭.૨૪ કરોડમાંથી ૯૯.૬ ટકા લોકોએ દસ્તાવેજો સબમિટ કરી દીધા છે. આ અગાઉના આદેશમાં, ૬૫ લાખ લોકો માટે આધારને મંજૂરી આપવામાં આવી હતી."

જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે, કોઈ પણ ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને મંજૂરી આપવાનું આપી રહ્યા નથી, અમે જાણીએ છીએ કે, આધાર ઓળખનો પુરાવો છે, નાગરિકતાનો નહીં. ધારો કે તે બારમો દસ્તાવેજ છે, તો તેમાં શું સમસ્યા છે? સુપ્રીમ કોર્ટે કહ્યું કે, સુધારેલી મતદાર યાદી પ્રક્રિયામાં સમાવિષ્ટ અથવા બાકાત કરાયેલા લોકોની ઓળખ સ્થાપિત કરવાના હેતુથી, આધાર અધિનિયમ ૨૦૧૬ હેઠળ જાહેર કરાયેલ આધાર કાર્ડ સ્વીકારવામાં આવશે અને તેને ૧૨મો દસ્તાવેજ માનવામાં આવશે. જોકે, અધિકારીઓ રજૂ કરેલા કાર્ડની સત્યતા ચકાસી શકે છે અને આધાર કાર્ડને નાગરિકતાના પુરાવા તરીકે ગણવામાં આવશે નહીં.

આ અગાઉ, અરજદારોએ કહ્યું હતું કે, પેરા લીગલ સ્વયંસેવકોની નિમણૂક કરવાની હતી, પરંતુ તેમની નિમણૂક કરવામાં આવી ન હતી. ચૂંટણી પંચના વકીલ રાકેશ દ્વિવેદીએ કહ્યું હતું કે, તેઓ ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓ માટે આ ઈચ્છે છે. ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું હતું કે, કોઈ પણ ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને મતદાર યાદીમાં સામેલ કરવા માંગતું નથી. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, બિહારના ૯૯.૬% નાગરિકોએ પહેલાથી જ ૧૧ સૂચિબદ્ધ દસ્તાવેજોમાંથી એક સબમિટ કરી દીધું છે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, ૭.૨૪ કરોડમાંથી ૯૯.૬ ટકા લોકોએ દસ્તાવેજો સબમિટ કરી દીધા છે. આ અગાઉના આદેશમાં ૬૫ લાખ લોકોને આધાર કાર્ડની મંજૂરી આપવામાં આવી હતી. હવે તેમના માટે કોઈ પણ અરજદારે એ વાત તરફ ધ્યાન દોર્યું નથી કે, મોટી સંખ્યામાં લોકોને ખોટી રીતે બાકાત રાખવામાં આવ્યા છે.

## દર્દીઓને મોટી રાહત, કેન્દ્ર સરકારે ૪૨ દવાની રિટેલ કિંમત ફિક્સ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

કેન્દ્ર સરકારે ૪૨ સામાન્ય દવાઓના રિટેલ ભાવ જાહેર કર્યા છે. આ દવાઓમાં બ્રોડ-સ્પેક્ટ્રમ એન્ટિબાયોટિક અને ઈપ્કા લેબોરેટ્રીઝ પણ સામેલ છે. આ દવાઓનો ઉપયોગ સામાન્ય રીતે અંગોના ટ્રાન્સપ્લાન્ટ બાદ ઓર્ગન રિજેક્શન રોકવા માટે કરવામાં આવે છે. મેરોપેનમ અને સુલબૈક્ટમ ઈંજેક્શનની રિટેલ કિમત પ્રત્યેક બોટલ આશરે રૂપિયા ૧૯૩૮ છે.

આ ઉપરાંત માઈકોફેનોલેટ મોફેટિલની કિમત પ્રતિ ટેબલેટ ૧૩૧.૫૮ રૂપિયા છે. બેક્ટેરિયાના સંક્રમણની સારવાર માટે ઉપયોગમાં લેવાતી એબોટ હેલ્થકેરની ક્લેરિથ્રોમાઈસિન એક્સટેંડેડ રિલીઝ ટેબલેટની કિમત હવે ૭૧.૭૧ રૂપિયા પ્રતિ ટેબલેટ છે. આ વર્ષે જ ફેબ્રુઆરી મહિનામાં નેશનલ ફાર્માસિયુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી કે જે દવાઓના ભાવ પર કન્ટ્રોલ ધરાવે છે તેણે ઉત્પાદકોને આદેશ આપ્યો હતો કે તેઓ ડીલર્સ, સ્ટેટ ડ્રગ કન્ટ્રોલર, રાજ્ય સરકારને ભાવની યાદી જાહેર કરે. એવામાં તાજેતરમાં સરકાર દ્વારા ૪૨ એવી દવાઓના ભાવ ફિક્સ કરી નાખ્યા છે કે જેનો ઉપયોગ સામાન્ય સારવાર માટે થતો હોય છે. ખાસ કરીને ટ્રાન્સપ્લાન્ટના કેસોમાં જ્યારે દર્દીના કોઇ અંગનું ટ્રાન્સપ્લાન્ટ કરી દેવામાં આવે છે તે બાદ ટ્રાન્સપ્લાન્ટ કરાયેલ અંગને શરીર જોડવામાં મુશ્કેલી અનુભવી રહ્યું હોય તેવી સ્થિતિમાં તેનો સામનો કરવા માટે જે દવાઓનો ઉપયોગ કરાય છે તેનો પણ સમાવેશ આ ૪૨ દવાઓમાં થાય છે. આ દવાઓનો ફિક્સ કરાયેલો ભાવ લોકોને વંચાય તે રીતે છાપવાનો રહેશે. અગાઉ એનપીપીએએ પોતાના આદેશમાં કહ્યું હતુ કે તમામ રિટેલર્સ અને ડીલરે ભાવની યાદી અને સપ્લિમેન્ટરી ભાવની યાદી (જો હોય તો) યોગ્ય સ્થળે લોકોને વંચાય તે રીતે લગાવવાની રહેશે.

### તેલંગાણાના મુખ્યમંત્રી સામેની અરજી ફગાવી

## બદનક્ષી કેસમાં સુપ્રીમ કોર્ટે ભાજપની અરજી ફગાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડી સામેની અરજી ફગાવી દીધી છે, જેમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણી દરમિયાન અનામત પર ભાજપ વિરુદ્ધ કરેલી ટિપ્પણીઓને કારણે તેમની સામે થયેલા કેસને રદ કરવાના હાઈકોર્ટના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો. ચીફ જસ્ટિસની અધ્યક્ષતાવાળી બેન્ચે સોમવારે આ કેસને ફગાવી દેતાં કહ્યું કે, સુપ્રીમ કોર્ટને રાજકીય લડાઈ લડવાનું મંચ બનાવવું ન જોઈએ. જો તમે રાજકારણી છો, તો તમારે આવી બધી બાબતો સહન કરવા માટે જાડી ચામડી રાખવી જોઈએ. ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) બી.આર. ગવઈ, જસ્ટિસ કે. વિનોદ ચંદ્રન અને જસ્ટિસ અતુલ એસ. ચંદુરકરની બેન્ચે કહ્યું કે, અમે આ મામલામાં દખલ કરવા માટે ઈચ્છુક નથી. અમે વારંવાર કહી રહ્યા છીએ કે આ કોર્ટનો ઉપયોગ રાજકીય લડાઈ માટે ન કરો. અરજી ફગાવી દેવામાં આવે છે. જો તમે રાજકારણી છો, તો તમારે જાડી ચામડી રાખવી જોઈએ.



ભાજપની તેલંગાણા શાખાએ મે ૨૦૨૪માં રેડ્ડી વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે તેમણે પાર્ટી વિરુદ્ધ અપમાનજનક અને ઉશ્કેરણીજનક ભાષણ આપ્યું હતું. દાવો કરવામાં આવ્યો હતો કે મુખ્યમંત્રી રેડ્ડીએ તેલંગાણા કોંગ્રેસ સાથે મળીને એક ખોટી અને શંકાસ્પદ રાજકીય વાત ઊભી કરી હતી કે જો ભાજપ સત્તા પર આવશે, તો તે અનામત ખતમ કરી દેશે. ફરિયાદકર્તાએ દાવો કર્યો કે આ કથિત અપમાનજનક ભાષણથી એક રાજકીય પક્ષ તરીકે ભાજપની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચી છે. એક નીચલી કોર્ટે ગયા વર્ષે ઓગસ્ટમાં કહ્યું હતું કે રેડ્ડી વિરુદ્ધ તત્કાલીન ભારતીય દંડ સંહિતા અને જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૨૫ હેઠળ માનહાનિનો પ્રથમ દૃષ્ટિએ કેસ બને છે. કલમ ૧૨૫ ચૂંટણીના સંબંધમાં વિવિધ વર્ગો વચ્ચે દુશ્મનીને પ્રોત્સાહન આપવા સાથે સંબંધિત છે. રેડ્ડીએ નીચલી કોર્ટના આ આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો અને દલીલ કરી કે ફરિયાદમાં લગાવેલા આરોપો તેમના વિરુદ્ધ પ્રથમ દૃષ્ટિએ કોઈ કેસ બનાવતા નથી. તેમણે દલીલ કરી કે રાજકીય ભાષણોને માનહાનિનો વિષય બનાવી શકાય નહીં. હાઈકોર્ટે બાદમાં ટિપ્પણી કરી, ભલે આ કોર્ટ એ સ્વીકારી લે કે ફરિયાદકર્તા ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય એકમનો સભ્ય છે અને તેને ભારતીય જનતા પાર્ટીનો સભ્ય માની શકાય છે, તેમ છતાં સત્તાના અભાવમાં ફરિયાદ વિચારણાને લાયક નથી. કોર્ટે કહ્યું હતું કે ન તો ફરિયાદકર્તા કે ન તો તેના પ્રતિનિધિને ભાજપના રાષ્ટ્રીય એકમ તરફથી ફરિયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા હતા. હાઈકોર્ટે કહ્યું, રાજકીય ભાષણોને ઘણીવાર વધારીને રજૂ કરવામાં આવે છે.

## ૧૨૦૦૦ કરોડના કૌભાંડી મેહુલ ચોક્સીનું થશે પ્રત્યાર્પણ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ભારત માટે મેહુલ ચોક્સીનું પ્રત્યાર્પણ હવે ચર્ચાનો વિષય બન્યો છે. ૬૬ વર્ષીય આ બિઝનેસમેન પર પંજાબ નેશનલ બેંકમાં ૧૨૦૦૦ કરોડ રુપિયાના કૌંભાડનો આરોપ છે. બેલ્જિયમના એન્ટવર્પમાં તેની ધરપકડ બાદ ભારતે તેમના પ્રત્યાર્પણ માટેના પ્રયાસો તેજ કર્યા છે. ભારતે બેલ્જિયમને ખાતરી આપી છે કે, ચોક્સીને મુંબઈની માનવ અધિકાર પ્રમાણે આર્થર જેલમાં રાખવામાં આવશે. પરંતુ હવે સવાલ એ છે કે, શું ખરેખર ચોક્સીને ત્યાં આ સુવિધા મળશે, જે ભારત દાવો કરી રહ્યું છે.? ભારતે બેલ્જિયમને એક પત્ર મોકલીને જણાવ્યું કે, ચોક્સીને આર્થર રોજ જેલમાં બેરેક નંબર ૧૨માં રાખવામાં આવશે. આ જેલમાં તેમને સ્વચ્છ સાદડી, ઓશીકું, ચાદર અને ધાબળો આપવામાં આવશે. તેમજ જો જરુર પડશે તો લાકડાં કે લોખંડનો પલંગ પણ આપવામા આવશે. તેમના વકીલનું કહેવું છે કે, તેમને કેન્સર જેવી ગંભીર બીમારી છે, જેથી તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવુ ખાસ જરુરી છે. ભારતનો દાવો છે કે, ચોક્સીને જેલમાં સ્વચ્છ પાણી, ૨૪ કલાક મેડિકલ સુવિધા અને સારુ ભોજન મળશે. જેલની રોજ સાફ - સફાઈ કરવામાં આવશે અને બેરેકમાં લાઈટ અને હવાની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવશે. તેમને દરરોજ એક કલાકથી વધારે સમય બહાર ફરવા, કસરત કરવા અને મનોરંજન માટે આપવામાં આવશે. મુંબઈનું હવામાન આખું વર્ષ સામાન્ય રહે છે. જેથી ન તો વધારે ગરમી છે અને ન તો એસીની જરુર છે. જેલમાં ભોજન અંગે વાત કરીએ તો. ચોક્સીને દિવસમાં ત્રણવાર ભોજન આપવામાં આવશે. જો મેડિકલના કારણે ખાસ ડાયટની જરુર હશે તો પણ આપવામાં આવશે.

### ૧૯ના મોત, ઉપદ્રવીઓને ગોળી મારવાનો આદેશ

## નેપાળમાં સોશિયલ મીડિયા પ્રતિબંધ મુદ્દે યુવાનોનું આંદોલન બન્યું હિંસક

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમંડ,

નેપાળની રાજધાની કાઠમંડુમાં આજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રતિબંધનો વિરોધ કરતાં મોટાપાયે Gen-Z દેખાવો થયા હતા. હજારોની સંખ્યામાં Gen-Z યુવાનો અને યુવતીઓ રસ્તા પર ઉતર્યા હતા. તેઓ સરકાર દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લાદવામાં આવેલા પ્રતિબંધને પાછો ખેંચવાની માગ સાથે સંસદ ભવનમાં ઘૂસી ગયા હતા. આંદોલનકારીઓનું આ આંદોલન ઉગ્ર ન બને તે હેતુ સાથે વહીવટીતંત્રે વિસ્તારમાં કરફ્યુનો આદેશ આપ્યો હતો પરંતુ સ્થિતિ વણસતાં યુવાનો સંસદમાં ઘૂસ્યા જેના પગલે સુરક્ષાદળોએ તેમને રોકવાના પ્રયાસ રૂપે ફાયરિંગ કર્યું તો મામલો બીચક્યો. જેમાં ૧૯ વિદ્યાર્થીના મોત, જ્યારે ૨૦૦થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા.

નેપાળની ઓલી સરકારે ફેસબુક, યુટ્યુબ, ઈન્સ્ટાગ્રામ, અને ઠ સહિત વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રતિબંધ લાદવાનો નિર્ણય લીધા બાદ મોટાપાયે આંદોલનકારીઓ યેહ-ઢ આંદોલન સાથે રસ્તા પર ઉતરી આવ્યા છે.

નેપાળમાં Gen Z આંદોલન ઉગ્ર બન્યું છે. નેપાળની સરકારે




આંદોલનકારીઓને જોતાં જ ગોળી મારવાનો આદેશ આપ્યો છે. નેપાળના પીએમએ પોલીસ અને સુરક્ષા દળોને આંદોલનકારીઓને જોતાં જ ગોળી મારવાનો આદેશ આપ્યા બાદ ઈમરજન્સી બેઠક બોલાવી છે. આંદોલનકારીઓએ સંસદનો દરવાજો તોડી નાખ્યો હતો. બાદમાં આંગ ચાંપી હતી. પોલીસ અને દેખાવકારો વચ્ચે અથડામણ હિંસક બનતાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેમાં ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. કાઠમંડુની હોસ્પિટલ ઈજાગ્રસ્તોથી ફૂલ થઈ છે. જેમાં ઘણા વિદ્યાર્થીઓને ગંભીર ઈજા થઈ હોવાથી મોતનો આંકડો વધવાની ભીતિ છે. એશિયા આઈસીસીએ નેપાળ પોલીસ અને દળોની કુમળા વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલી કાર્યવાહીનો વિરોધ કર્યો છે. તેણે સોશિયલ મીડિયા પોસ્ટ પર જણાવ્યું હતું કે, નેપાળ પોલીસ અને સુરક્ષા દળોએ ભ્રષ્ટાચાર વિરૂદ્ધ આંદોલન કરી રહેલા શાળાના ગણવેશમાં સજ્જ વિદ્યાર્થીઓ પર ગોળીબાર કર્યો છે. બાળકો પર આ પ્રકારનો હુમલો નિંદાજનક છે. નેપાળ પોલીસ અને સુરક્ષા દળોના આ પગલાંની વિશ્વભરના માનવાધિકાર સંગઠનો ટીકા કરે છે. દસ હજારથી વધુ યેહ ઢ યુવાનોએ કાઠમંડુ, પોખરા, બુટવલ, ધારણ, ગોરાહી સહિતના શહેરોમાં વિરોધ રેલી યોજી હતી. તેઓ સુત્રોચ્ચાર કરી રહ્યા હતા કે, અમે આંદોલન કર્યું છે, અમે ભ્રષ્ટાચાર વિરૂદ્ધ લડીશું. હજારોની સંખ્યામાં યુવાનોના ટોળા રસ્તા પર ઉતરી આવતા નેપાળી આર્મી તૈનાત કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ તે હેતુ સાથે કાઠમંડુ સહિત અમુક વિસ્તારોમાં કરફ્યુનો અમલ કરવામાં આવ્યો છે. કાઠમંડુના વિવિધ શહેરોમાં વડાપ્રધાન કેપી શર્મા ઓલી સરકાર વિરૂદ્ધ Gen-Z રિવોલ્યૂશન શરૂ થયુ છે. મૈતીઘર, કાઠમંડુ, અને અન્ય ટોચના શહેરોમાંથી હજારોની સંખ્યામાં યુવાનો ભ્રષ્ટાચાર અને સરકારના સોશિયલ મીડિયા પર અંકુશનો વિરોધ કરતાં રેલી યોજી રહ્યા છે. તેઓએ સરકાર પર નાગરિકોની આઝાદી છીનવી લેવાનો આરોપ મૂકતાં સુત્રોચ્ચાર કર્યા છે. આંદોલનકારીઓ મોટી સંખ્યામાં સુત્રોચ્ચાર કરતાં સંસદ ભવનમાં ઘૂસી ગયા હતા. પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવવા ટિયર ગેસના શેલ છોડ્યા હતા. આ વિરોધ પ્રદર્શન દરમિયાન સરકારે કલાકો સુધી ફોન અને ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરી હતી. ઉલ્લેખનીય છે, વડાપ્રધાન ઓલી સરકારે ચાર સપ્ટેમ્બરથી ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ, યુટ્યૂબ, રેડિટ, ઠ સહિત ૨૬ સોશિયલ મીડિયા એપ્સ પર પ્રતિબંધ લાદવાની જાહેરાત કરી હતી.




# તંત્રી લેખ......

## આતંકી કાવતરાં સામે મોટી કાર્યવાહી

જમ્મુ અને કાશ્મીરમાં સોમવારે (આઠમી સપ્ટેમ્બર) વહેલી સવારે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)એ અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ સાથે દેશના પાંચ રાજ્યોના લગભગ ૨૨ સ્થળો પર NIAએ દરોડા પાડ્યા છે. આ સમગ્ર મામલો આંતરિક સુરક્ષા સાથે સંબંધિત હોવાનું સામે આવ્યું છે.

અહેવાલો અનુસાર, સોમવારે સવારે NIAની એક ટીમે બારામુલ્લા જિલ્લાના પટ્ટન શહેરના જંગમ ગામમાં પણ દરોડા પાડ્યા હતા. અહીં ટીમે સંબંધિત તપાસના ભાગ રૂપે ઉમર રશીદ લોનના ઘરે દરોડા પાડ્યા હતા. હાલમાં સમગ્ર મામલે NIA તરફથી કોઈ નિવેદન આવ્યું નથી. NIAની આ કાર્યવાહી એવા સમયે આવી છે, જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવમી સપ્ટેમ્બરે જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લઈ શકે છે. તે અહીં પૂર પછીની પરિસ્થિતિનો તાગ મેળવી શકે છે. જો કે, તેમની જમ્મુ મુલાકાતની હજુ સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

આતંકી ષડયંત્ર મામલે NIA ટીમે જમ્મુ અને કાશ્મીર સહિત ૫ રાજ્યોમાં એક સાથે ૨૨ સ્થળોએ દરોડા પાડ્યા છે. ફ્રેંછના અધિકારીઓએ જણાવ્યું હતું કે આતંકી ષડયંત્ર મામલે આ દરોડા પાડવામાં આવ્યા છે. જમ્મુ અને કાશ્મીરના બારામુલ્લા, કુલગામ, અનંતનાગ અને પુલવામા જિલ્લામાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ દરોડા દરમિયાન અહીંથી ઘણાં ઈલેક્ટ્રોનિક ઉપકરણો, શંકાસ્પદ નાણાકીય દસ્તાવેજો અને અન્ય કાગળો પણ મળી આવ્યા હતા.

બિહારમાં આઠ સ્થળોએ, કર્ણાટક, મહારાષ્ટ્ર અને તમિલનાડુમાં એક-એક સ્થળે, ઉત્તર પ્રદેશમાં બે સ્થળોએ અને જમ્મુ અને કાશ્મીરમાં નવ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. NIA લાંબા સમયથી જમ્મુ અને કાશ્મીરમાં દરોડા પાડી રહી છે. જૂન મહિનામાં પણ ટીમે એક સાથે ૩૨ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ દરમિયાન શોપિયાન, કુલગામ, કુપવાડા, સોપોર અને બારામુલ્લાના ઘણાં વિસ્તારોમાં દરોડા પાડવામાં આવ્યા હતા.

### અધિકારી સહિત ૩ જવાન ઘાયલ

# જમ્મુ-કાશ્મીરના કુલગામમાં એન્કાઉન્ટર, એક આતંકી ઠાર

## ગુડ્ડાર વિસ્તારમાં અન્ય આતંકીની શોધખોળ થઈ રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ,

જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લાના ગુડ્ડાર વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ શરૂ થઈ હતી. જાણકારી અનુસાર, સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષા દળો પર છુપાયેલા આતંકવાદીઓ ગોળીબાર શરૂ કર્યો હતો. ત્યારબાદ સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી હાથ ધરતાં બંને વચ્ચે અંધાધૂધ ગોળીબાર થયો હતો. આ વિસ્તારમાં ત્રણથી ચાર આતંકવાદીઓ છુપાયા હોવાની આશંકા છે. જેમાં એક આતંકવાદી ઠાર થયો હોવાના અહેવાલ છે.

સુરક્ષા દળોએ વિસ્તારમાં ચુસ્ત નાકાબંધી કરી છે. સર્ચ ઓપરેશન ચાલુ છે. આતંકવાદીઓ સાથેની અથડામણમાં સુરક્ષા દળોના ત્રણ જવાન ઘાયલ થયા છે. જેમાં એક સેનાના અધિકારી છે. તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. કુલગામ એક્રાઉન્ટર દરમિયાન અત્યારસુધી ઓપરેશનમાં એક આતંકવાદી ઠાર થયો છે. તે સફરજનની વાડીમાંથી ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો. ત્યારે સુરક્ષા દળની ગોળીનો શિકાર બન્યો. ગુડ્ડાર વિસ્તારમાં મોટાપાયે સર્ચ ઓપરેશન હાથ ધરી અન્ય આતંકીની શોધખોળ થઈ રહી છે. આ આતંકવાદી લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા છે.

સીઆરપીએફના અધિકારીએ જણાવ્યું હતું કે, સર્તક જવાનોને સંદિગ્ધ ગતિવિધિની બાતમી મળી હતી. બાતમીના આધારે સર્ચ ઓપરેશન હાથ ધરાતા આતંકવાદીઓએ ફાયરિંગ શરૂ કર્યું હતું. ત્યારબાદ અથડામણમાં એક આતંકી ઠાર થયો હતો. જ્યારે એક જુનિયર કમિશન્ડ ઓફિસર ઘાયલ થયો હતો.

આતંકવાદીઓ સાથેની અથડામણ વચ્ચે જમ્મુના આરએસ પુરા સેક્ટરમાં બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)એ આંતરરાષ્ટ્રીય સરહદ નજીક એક પાકિસ્તાની નાગરિકની અટકાયત કરી છે. બીએસએફના જવાનોએ ગઈકાલે સાંજે સરહદ નજીક સંદિગ્ધ ગતિવિધિ જોવા મળી હતી. બીએસએફ જવાનોએ તુરંત સર્ચ ઓપરેશન હાથ ધરી એક પાકિસ્તાની નાગરિકની અટકાયત કરી હતી. જેની પૂછપરછ થઈ રહી છે.

હજી સુધી ઓળખ થઈ નથી. બીએસએફના અધિકારીએ જણાવ્યું કે, પ્રારંભિક પૂછપરછ ચાલી રહી છે. ત્યાર બાદ તેના હેતુ અને પૃષ્ઠભૂમિ વિસે માહિતી મળશે. સરહદ પર સુરક્ષાને ધ્યાનમાં રાખતાં ચુસ્ત બંદોબસ્ત તેમજ સર્ચ ઓપરેશન ચાલુ છે.

### જાહેરમાં પેશાબ કરવા બદલ ટોક્યો હતો

# અમેરિકામાં ભારતીય યુવકની ગોળી મારી હત્યા

## કેલિફોર્નિયામાં એક ભારતીય અમેરિકન નાગરિક દ્વારા અમેરિકન નાગરિકને ટોકવામાં આવતાં તેણે ગોળી મારી




(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન,

અમેરિકામાં ફરી એકવાર ભારતીય અમેરિકન નાગરિક નફરતનો ભોગ બન્યો છે. કેલિફોર્નિયામાં એક ભારતીય અમેરિકન નાગરિક દ્વારા અમેરિકન નાગરિકને ટોકવામાં આવતાં તેણે ગુસ્સે થઈને ત્યાંજ ગોળી મારી દીધી હતી. જેના કારણે ભારતીય યુવકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. હકીકતમાં, હરિયાણાના જીંદ જિલ્લાના ૨૬ વર્ષીય કપિલએ શનિવારે કેલિફોર્નિયાના લોસ એન્જલસમાં એક અમેરિકન વ્યક્તિને જાહેર સ્થળે પેશાબ કરતા રોક્યો ત્યારે તે ગુસ્સે થઈ ગયો અને તરત જ કપિલને ગોળી મારી દીધી. કપિલ ત્યાં સુરક્ષા ગાર્ડ તરીકે કામ કરતો હતો.

કપિલ ૨૦૨૨ માં ડંકી રુટ દ્વારા અમેરિકા ગયો હતો. ત્યારે તે પનામાના જંગલો પાર કરીને મેક્સિકોની દિવાલ કૂદીને અમેરિકા પહોંચ્યો હતો. તેના માટે તેણે ૪૫ લાખ રૂપિયા ખર્ચ કર્યા હતા. જોકે, અમેરિકા પહોંચ્યા પછી તેની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ બાદમાં કાનૂની કાર્યવાહી બાદ તેને છોડી મુકવામાં આવ્યો હતો અને ત્યારથી તે ત્યાં રહેતો હતો. તે સિક્યૂરિટી ગાર્ડ તરીકે કામ કરતો હતો.

કપિલ જીંદના બારાહ કલાન ગામનો રહેવાસી હતો. આ અંગે ગામના સરપંચ સુરેશ કુમાર ગૌતમે માહિતી આપતાં જણાવ્યું હતું કે, કપિલ જ્યારે ત્યા ફરજ બજાવી રહ્યો હતો, તે દરમિયાન એક અમેરિકન વ્યક્તિ ત્યા પહોંચ્યો અને જ્યા કપિલ ઉભો હતો તેની બાજુમાં પેશાબ કરવા લાગ્યો હતો. જેથી કપિલે તેને આવુ કરવાથી રોક્યો ત્યારે તે ગુસ્સે થઈ ગયો અને કપિલને ગોળી મારી દીધી, જ્યા ઘટના સ્થળ પર કપિલનું મોત નિપજ્યું હતું.

ગામના સરપંચ પીડિત પરિવારને અમેરિકામાં રહેતા અન્ય એક સંબંધિને કપિલના મોતના સમાચાર આપ્યા છે. કપિલની બે બહેન છે. જેમાં એકની લગ્ન થઈ ગયા છે. સરપંચે કહ્યું કે, આખુ ગામ પરિવાર સાથે ઉભુ છે, પરંતુ દુખની વાત એ છે કે, પરિવાર કપિલના મૃત્યુથી ભાંગી પડ્યો છે. અમે કપિલના મૃતદેહને ભારતમાં પરત લાવવા માટે સરકારને અપિલ કરી છે.

# યુરોપિયન અધિકારીઓનું પ્રતિનિધિ મંડળ નવી દિલ્હીની મુલાકાત લેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

અમેરિકા દ્વારા ભારત પર લગાવવામાં આવેલા ૨૫ ટકા ટેક્સ સહિત, રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે દંડ તરીકે ૨૫ ટકા વધારાનો ટેરિફ લગાવવામાં આવ્યો છે. આને કારણે, કુલ ટેરિફ ૫૦ ટકા સુધી પહોંચી ગયો છે. ભારત પર લગાવવામાં આવેલા હાઈ ટેરિફને કારણે યુએસ બજારમાં ભારતીય નિકાસકારો માટે સ્પર્ધા ખૂબ જ કઠિન બની ગઈ છે. એટલે કે, વિયેતનામ કે બાંગ્લાદેશ અને પાકિસ્તાનના નિકાસકારો સામે ભારતનું ટકી રહેવું મુશ્કેલ બની રહ્યું છે.ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે મહત્વાકાંક્ષી ફ્રી ટ્રેડ કરાર માટે પ્રયાસો વધુ તીવ્ર બની ગયા છે અને તમામ બાકી રહેલા મતભેદોને ઉકેલવા માટે આવતા મહિને બે મહત્વપૂર્ણ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, યુરોપિયન અધિકારીઓનું એક પ્રતિનિધિમંડળ આ અઠવાડિયે નવી દિલ્હીની મુલાકાત લેવાનું છે. જ્યાં તેઓ બજાર એક્સેસ, કૃષિ ઉત્પાદનો પર કસ્ટમ ડ્યુટી અને ખાસ કરીને દારૂ અને ડેરી પરના મતભેદ મુદ્દાઓ પર ચર્ચા કરી શકે છે. આ પગલું એવા સમયે લેવામાં આવી રહ્યું છે, જ્યારે ભારત અમેરિકાના ઊંચા ટેરિફના દબાણ હેઠળ છે અને યુએસ ભારત પર વધારાની કસ્ટમ ડ્યુટી લાદવા માટે યુરોપિયન યુનિયન પર સતત દબાણ કરી રહ્યું છે. ખરેખર બંને પક્ષો આ વર્ષના અંત સુધીમાં વાતચીત પૂર્ણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કારણ કે ટ્રમ્પ ટેરિફની અસરને કારણે, સરકાર નવા બજારો શોધી રહ્યું છે. યુરોપિયન યુનિયન ભારતનો મુખ્ય વેપારી ભાગીદાર છે અને બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૨૦૨૩-૨૪માં લગભગ ૧૩૫ બિલિયન ડોલરના આંકડાને સ્પર્શી ગયો છે.

### ચાલુ કાર્યક્રમમાં હૂટિંગ; વીડિયો વાઈરલ

# US Openમાં ટ્રમ્પના કારણે વિલંબ થતાં ફેન્સ ભડક્યા

## ટ્રમ્પનો આહુર્રિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન,

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રવિવારે આર્થર એશ સ્ટેડિયમમાં જેનિક સિનર અને કાર્લોસ અલ્કારાજ વચ્ચે રમાયેલી યુએસ ઓપનની ફાઈનલ મેચ જોવા પહોંચ્યા હતા. જ્યાં દર્શકો તરફથી તેમને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. અમુક દર્શકોએ ટ્રમ્પને તાળીઓથી વધાવ્યા હતા, જ્યારે અમુકે તેમનો હુર્રિયો (હૂટિંગ) બોલાવ્યો હતો. ટ્રમ્પનો આહુર્રિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે.

આર્થર એશ સ્ટેડિયમની અંદર ટ્રમ્પ પ્રવેશતા જ સ્ક્રિન પર દેખાયા હતા. જેથી દર્શકોનું ધ્યાન તેમના તરફ ગયુ હતું. જેમાં અમુક લોકોએ તેમને તાળીઓથી વધાવ્યા હતા, જ્યારે અમુક લોકોએહુર્રિયો બોલાવી ટીખળ કરી હતી. ટ્રમ્પે આ મિશ્ર પ્રતિક્રિયાનો જવાબ માત્ર હાથ હલાવી અભિવાદનથી આપ્યો હતો.

ટ્રમ્પ આ મેચ જોવા આવવાના હોવાથી સ્ટેડિયમમાં હાઈ-પ્રોફાઈલ સિક્યોરિટી વધારી દેવામાં આવી હતી. જેના લીધે મેચ ૩૦ મિનિટ મોડી શરૂ થઈ હતી.

ચાહકો અને દર્શકોએ એક કલાક સુધી લાંબી લાઈનમાં ઉભા રહેવુ પડ્યું હતું. જેથી દર્શકોએ ટ્રમ્પ હાજર થતાં જ નારાજગી વ્યક્ત કરી હતી. અને હુર્રિયો બોલાવ્યો હતો. ટ્રમ્પે તેમનું મુઠ્ઠી બાંધી અને હાથ હલાવી અભિવાદન કર્યુ હતું.

વોશિંગ્ટન પરત ફર્યા બાદ ટ્રમ્પે મીડિયા સાથે વાત કરતાં કહ્યું કે, મેચ જોવાની ખૂબ મજા આવી. બંને ખેલાડીઓની પ્રતિભા ઉત્કૃષ્ટ હતું. બાદમાં ટ્રમ્પે મજાકિયા અંદાજમાં કહ્યું કે, ચાહકો ખૂબ જ સારા હતા. નોંધનીય છે, ટ્રમ્પ પ્રથમ વખત યુએસ ઓપનમાં આવ્યા નથી. અગાઉ પણ તેઓ નિયમિતપણે મેચ જોવા જતાં હતાં. તેઓ પોતાના પર્સનલ સ્યુટ પરથી મેચ જોતા હતા.

બિલી જિન કિંગ નેશનલ ટેનિસ સેન્ટરમાં ફાઈનલ મેચ પહેલાં વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ કેરોલિન લેવિટ, એટર્ની જનરલ પામ બોન્ડી, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, અરબેલા કુશનર, અને જેરેડ કુશનરનું આગમન થયુ હતું. જેના લીધે સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવી હતી. જેથી મેચ તેના પૂર્વ નિર્ધારિત સમય કરતાં ૩૦ મિનિટ મોડી ૨.૩૦ વાગ્યે શરૂ થઈ હતી. અમેરિકાના ટેનિસ એસોસિએશને પોતાના પ્રસારણ પાર્ટનર્સને નિર્દેશ આપ્યો હતો કે, પ્રમુખ વિરૂદ્ધ કોઈપણ પ્રકારના હૂટિંગ (હૂરિયો) કે વિરોધ પ્રદર્શનના વીડિયો પ્રસારિત કરવામાં આવે નહીં. ટ્રમ્પ પર પ્રતિક્રિયાને સેન્સર કરવાનો આદેશ આપ્યો હતો.

### પરિવાર ગણપતિ વિસર્જનમાં ગયો હતો

# મહારાષ્ટ્રના અકોલામાં ચાકુની અણીએ સગીરા પર દુષ્કર્મ

(સંપૂર્ણ સમાચાર સેવા)અકોલા,

મહારાષ્ટ્રના અકોલા શહેરમાં ગણેશ વિસર્જન દરમિયાન એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ૬ સપ્ટેમ્બરના રોજ બપોરે ૪:૩૦ વાગ્યે, ડાબકી રોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ૧૬ વર્ષીય સગીર છોકરી સાથે તેના જ ઘરમાં ઘૂસીને ચાકુની અણીએ દુષ્કર્મ કરવામાં આવ્યું હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આ ઘટના સમયે છોકરીના પરિવારજનો ગણેશ વિસર્જનમાં ભાગ લેવા ગયા હતા. પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, ૨૪ વર્ષીય આરોપી તૌહિદ સમીર બૈદ ઘરમાં ઘૂસ્યો હતો. તે સમયે છોકરીનો એક સંબંધી ત્યાંથી પસાર થઈ રહ્યો હતો અને અંદરથી અવાજ સાંભળીને તેણે આરોપીને રોકવાનો પ્રયાસ કર્યો. જોકે, આરોપીએ ચાકુ બતાવીને તેને ડરાવ્યો. આસપાસના લોકો પણ અવાજ સાંભળીને ત્યાં આવ્યા, પરંતુ આરોપીએ તેમને પણ ધમકાવ્યા. આ પરિસ્થિતિમાં, સગીર છોકરી ત્યાંથી ભાગીને નજીકના એક ઘરમાં છુપાઈ ગઈ, પરંતુ આરોપીએ પીછો કરીને ચાકુની અણીએ તેની સાથે બળજબરી કરી. છોકરીએ વિરોધ કરતાં અને બૂમાબૂમ કરતાં આરોપીએ તેને અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી. આ ઘટના બાદ આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો. ઘરે પરત ફર્યા બાદ પીડિતાએ આખી ઘટના તેની માતાને જણાવી, ત્યારબાદ માતાએ ડાબકી રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. ફરિયાદના આધારે પોલીસે આરોપી તૌહિદ સમીર બૈદ વિરુદ્ધ પોક્સો એક્ટ સહિત દુષ્કર્મ અને ધમકી આપવાની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. ઘટના બાદ બજરંગ દળના કાર્યકરો પોલીસ સ્ટેશન પહોંચ્યા અને કડક કાર્યવાહીની માગ કરી. આ સંદર્ભે ડાબકી રોડ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર અભિષેક અંધારેનું કહેવું છે કે, આરોપી વિરુદ્ધ અગાઉ પણ રામદાસપેઠ પોલીસ સ્ટેશન સહિત અન્ય જગ્યાએ ગુનાહિત કેસ નોંધાયેલા છે. હાલ આરોપી ફરાર છે અને તેને પકડવા માટે એક વિશેષ પોલીસ ટીમ બનાવવામાં આવી છે.

### કર્ણાટકમાં ગણપતિ વિસર્જનમાં બબાલ

# કર્ણાટકમાં ગણપતિ વિસર્જનમાં પથ્થરમારામાં ૮ લોકો ઈજાગ્રસ્ત

## હિંસાની ઘટના બાદ વિસ્તારમાં કોમી તણાવ સર્જાયો, જેને ધ્યાનમાં લેતાં વહીવટીતંત્રે કલમ ૧૪૪ લાગુ કરી

(સંપુર્ણ સમાચાર સેવા)માંડ્યા,

કર્ણાટકના માંડ્યામાં ગણપતિ વિસર્જન દરમિયાન કોમી તણાવ સર્જાયો હતો. ગણપતિ વિસર્જન માટે કાઢવામાં આવેલી શોભાયાત્રામાં બે સમુદાયના લોકો વચ્ચે વિવાદ સર્જાતા અથડામણ થઈ હતી. જેમાં આઠ લોકોને ગંભીર ઈજા થઈ હતી.

ગણપતિ બાપ્પાના વિસર્જનની શોભાયાત્રા દરમિયાન અચાનક બે સમુદાયના લોકો વચ્ચે વાદ-વિવાદ થયો હતો. ત્યારબાદ કથિત રૂપે મસ્જિદમાંથી પથ્થરમારો શરૂ થયો હોવાના અહેવાલ છે. આ પથ્થરમારામાં આઠ લોકો ગંભીર રૂપે ઘવાયા હતા.

હિંસાની ઘટના બાદ વિસ્તારમાં કોમી તણાવ સર્જાયો છે. જેને ધ્યાનમાં લેતાં વહીવટીતંત્રે કલમ ૧૪૪ લાગુ કરી છે. પથ્થરમારાના આરોપમાં પોલીસે ૨૧ લોકોની ધરપકડ કરી છે. પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે પોલીસે વધારાની ટૂકડી તૈનાત કરી છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, માંડ્યા જિલ્લાના મદુર કસબામાં રવિવારે ભગવાન ગણેશજીની મૂર્તિ વિસર્જન માટે લઈ જઈ રહ્યા હતા. ત્યારે બે સમુદાયો વચ્ચે સાંપ્રદાયિક અથડામણ થઈ હતી. બીજા સમુદાયના ઉપદ્રવીઓ દ્વારા કથિત રૂપે શોભાયાત્રા પર કથિત પથ્થરમારો થયા બાદ વિસ્તારમાં તણાવ સર્જાયો હતો. અશાંતિનો માહોલ ઉભો થયો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, રામ-રહીમ નગરમાં ગણેશ વિસર્જન શોભાયાત્રામાં બે સમુદાયના લોકો વચ્ચે અથડામણ શરૂ થઈ હતી. બંને સમુદાયના યુવાનો વચ્ચે અથડામણ થતાં પોલીસે દરમિયાનગીરી કરવી પડી હતી. પોલીસ અધિક્ષક મલ્લિકાર્જુન બાલાદંડી ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, 'અમે મદુરમાં વધારાના દળો તૈનાત કર્યા છે અને પ્રતિબંધક આદેશો લાદ્યા છે જેથી તણાવ ન વધે.' પોલીસની કડક સુરક્ષા વચ્ચે ગણેશ વિસર્જન કરવામાં આવ્યું હતું. મદુરના સંવેદનશીલ વિસ્તારોમાં મોટી સંખ્યામાં પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે. અધિકારીઓએ સ્થાનિક રહેવાસીઓને શાંતિ જાળવવા વિનંતી કરી છે અને અફવાઓ ફેલાવનારાઓ અથવા સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે. જિલ્લા વહીવટીતંત્રે બંને સમુદાયોને સામાન્યતા પુનઃસ્થાપિત કરવા માટે કાયદા અમલીકરણ એજન્સીઓને સહકાર આપવા અપીલ કરી છે.

### ટેક્સ ભરવા છતાં ડિપોર્ટેશનનો ખતરો

# ટ્રમ્પના વધુ એક નિર્ણયથી મુશ્કેલીમાં ભારતીયો!

## સ્ટુડન્ટ વિઝા પર રહીને સાઈડ હસલ દર્શાવવી એ હવે વિઝાની મુદત વધારવાનો ઈનકાર, ફરીથી પ્રવેશ પર પ્રતિબંધ, દેશનિકાલની કાર્યવાહી અને ડિપોર્ટેશનનું કારણ બની શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

અમેરિકામાં ઈમિગ્રેશન એજન્સીઓ દ્વારા IRSના રેકોર્ડ્સનો ઉપયોગ વધતા, ગેરકાયદેસર રોજગારના કેસમાં ઈમિગ્રન્ટ્સ માટે દેશનિકાલનું જોખમ વધી ગયું છે. H-1B વિઝા (જે એક જ નોકરીદાતા સાથે સંકળાયેલા હોય) અથવા સ્ટુડન્ટ વિઝા પર રહીને સાઇડ હસલ દર્શાવવી એ હવે વિઝાની મુદત વધારવાનો ઈનકાર, ફરીથી પ્રવેશ પર પ્રતિબંધ, દેશનિકાલની કાર્યવાહી અને ડિપોર્ટેશનનું કારણ બની શકે છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, જે લોકોએ ટેક્સ રિટર્નમાં વધારાની કમાણી (સાઈડ હસલ)ની માહિતી આપી છે, તેમને હવે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રામાણિકતાથી ટેક્સ ભરવા અને આવક રિપોર્ટ કરવા છતાં, તેમના વિઝાની અવધિ વધારવા પર પ્રતિબંધ મૂકવામાં આવી રહ્યો છે, સાથે જ તેમને ફરીથી પ્રવેશ પર રોક અને દેશનિકાલ સુધીની કાર્યવાહીનો સામનો કરવો પડી રહ્યો છે.

મીડિયા રિપોર્ટ્સ મુજબ, ઈમિગ્રેશન એટર્ની જાથ શાઓએ જણાવ્યું કે, 'આઈઆરએસએ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) સાથે ડેટા શેર કર્યો છે.

હવે અમે જોઈ રહ્યા છીએ કે લોકો એ જ કાર્યો માટે ફસાઈ રહ્યા છે, જેની કમાણી તેમણે પોતે જ રિપોર્ટ કરી અને ટેક્સ ભર્યો.' શાઓ મુજબ, ઘણીવાર આ આરોપ ત્યારે લાગે છે જયારે કોઈ પ્રવાસી બીજી કોઈ ભૂલમાં પકડાય છે અને તપાસમાં જૂની કમાણી સામે આવી જાય છે. નિષ્ણાતોનું કહેવું છે કે આ પગલાથી H-1B વિઝા ધારકો સૌથી વધુ જોખમમાં છે, કારણ કે તેમની નોકરી સીધી સ્પોન્સર કંપની સાથે જોડાયેલી હોય છે.

વકીલ અભિનવ ત્રિપાઠી કહે છે કે, 'જો USCIS ટેક્સ રેકોર્ડમાં દર્શાવેલી સાઈડ ઈનકમના આધારે નોટિસ જારી કરી રહ્યું છે, તો તેના ગંભીર પરિણામો આવી શકે છે. આ વિઝા સ્ટેટસના ઉલ્લંઘનનો મામલો બની શકે છે અને દેશનિકાલ સુધી લઈ જઈ શકે છે.'

જોકે, તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે વ્યાજ કે મૂડી લાભ જેવી આવક પર સમસ્યા થતી નથી, પરંતુ ફ્રીલાન્સ પ્રોજેક્ટ્સ કે ઓનલાઈન સાઈડ જોબ્સ ગંભીર જોખમ વધારે છે. તેમનું કહેવું છે કે ચિંતાનો વિષય એ છે કે અધિકારીઓ હવે ટેક્સ રેકોર્ડ્સની ઊંડાણપૂર્વક તપાસ કરીને નિષ્ક્રિય અને સક્રિય આવકનું અર્થઘટન પોતાની રીતે કરવા લાગશે, જેનાથી પ્રવાસીઓ માટે પરિસ્થિતિ વધુ ગૂંચવણભરી બની શકે છે.

નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે અમેરિકામાં પ્રવાસીઓએ હવે ખૂબ જ સાવધ રહેવું પડશે. એક એટર્નીએ કહ્યું, 'સાઈડ હસલથી ભલે થોડા ડોલરની કમાણી થઈ જાય, પણ તેની કિંમત તમારું અમેરિકન સપનું હોઈ શકે છે.'

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# રાજકોટમાં હેલ્મેટના કાયદા સામે કોંગ્રેસે માથા પર તપેલી પહેરી ઉગ્ર વિરોધ કર્યો : સાહેબ ઘરનો સામાન લેવા જવો છે દંડ કેમ ભરૂ : મહિલાની કાકલુદી : બીજી મહિલાએ કહ્યું રસ્તામાં ખાડાથી બાયુ ની પેચુટી ખસી જાય છે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટમાં ફરજીયાત હેલ્મેટ અંગે રીતસરનો વિરોધ વંટોળ શરૂ થયો છે ત્યારે પ્રજાજનોના હીત અને તરફેણમાં વિરોધ પક્ષ કોંગ્રેસના આગેવાનો ગાયત્રીબા વાઘેલા, અતુલ રાજાણી, વિદ્યાર્થી નેતા રોહિત રાજપુત, એડવોકેટ અશોકસિંહ વાઘેલા સહિતના કાર્યકરોએ માધાપર ચોકડી ખાતે હેલ્મેટનો અનોખો વિરોધ કરી માથા ઉપર તપેલીઓ ધારણ કરી ફરજીયાત હેલ્મેટનો વિરોધ નોંધાવ્યો હતો. તેમજ રોડ રસ્તા અને ખાડાઓ બાબતે પણ સુત્રોચ્ચાર કરતા પોલીસ દ્વારા કોંગ્રેસના ૩૦ થી વધુ કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.





રાજકોટ શહેરમાં હેલ્મેટની અમલવારીનો વિરોધ કરતા સૌરાષ્ટ્ર ઝોનલ પ્રવકતા રોહિત રાજપુત દ્વારા બેનર બતાવી ફરજીયાત હેલ્મેટ નહી, ફરજીયાત સારા રસ્તા કરો અને નવરા બેઠા ગૃહમંત્રી તાયફા કરી રહ્યા છે ત્યારે તાયફા કરનાર ગૃહમંત્રીને ઘર ભેગા કરો નહીતર ૨૦૨૭ માં ભાજપ ઘર ભેગી થશે તેવા સુત્રોચ્ચારો રાજકોટ વાસીઓએ પોકાર્યા હતા. ભારે વાહનોનો પ્રવેશ બંધ કરાવી હેલ્મેટના બદલે દારૂના દરોડા માટે ૫૦૦ પોલીસને મેદાનમાં ઉતારો , દારૂબંધીની અમલવારી કરો અને વેપારના ધંધા બંધ કરાવો અને હેલ્મેટ ફરજીયાતનો કાળો કાયદો પરત ખેંચો તેવા બેનરો થકી વિરોધ કરવામાં આવ્યો હતો. તો બીજી તરફ સૌરાષ્ટ્ર જનવિકાસ પાર્ટી દ્વારા એલાન કરવામાં આવ્યુ હતુ કે કોઈએ હેલ્મેટ પહેરવુ નહી અને ફરજીયાત પણે તપેલી પહેરી વિરોધ કરવો જોઈએ. રાજકોટના ભાવનગર હાઈવે ચોકડી નજીક ટ્રાફીક બ્રાન્ચે ફરજીયાત હેલ્મેટ સંદર્ભે એક વાહન ચાલક મહિલાને અટકાવતા ઘરનો સામાન લેવા જવુ છે. તમે કો દંડ કેમ ભરવો, વરસોથી ખાડા પુરાથી નથી, પહેલા એ કરો કહ્યા બાદ પોલીસે દંડ તો ભરવો જ પડશે તેમ કહેતા અંતે કચવાતા કચવાતા મહિલાએ ડેકી ખોલી પર્સમાંથી ૫૦૦ દંડ ચુકવ્યો હતો. હેલ્મેટ ફરજીયાત ઝુંબેશ સંદર્ભે રાજકોટ શહેર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયુ હતુ ત્યારે બહુમાળી ભવન નજીક ડબલ સવારી મોટર સાયકલ પર નિકળેલા દંપત્તિ ને અટકાવતા હેલ્મેટનો દંડ ભરવાનુ કહેતા ઉશ્કેરાયા હતા અને ગોળીએ દઈ દો, પાકિસ્તાન મોકલી દો, રસ્તામાં ખાડા થી બાયુની પેચોટી ખસી જાય છે, કેટલાય મરી ગયા , સરકારે શું કર્યુ તેવા સવાલો સાથે રોષ વ્યકત કર્યો હતો.

# ભાવનગર ટર્મિનસ – પોરબંદર દૈનિક પેસેન્જર ટ્રેનને ખોડીયાર મંદિર સ્ટેશન પર વધારાનો ઠેરાવ મળ્યો

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેન નં. ૫૯૫૬૦/૫૯૫૫૭ ભાવનગર ટર્મિનસ – પોરબંદર દૈનિક પેસેન્જર ટ્રેનને ખોડીયાર મંદિર સ્ટેશન પર વધારાનો ઠેરાવ આપવામાં આવ્યો છે. આ સુવિધા ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ (ગુરૂવાર) થી અમલમાં આવશે. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, ભાવનગર મંડળ શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર:

- ટ્રેન નં. ૫૯૫૬૦ ભાવનગર ટર્મિનસ – પોરબંદર દૈનિક પેસેન્જર ભાવનગર ટર્મિનસ થી દરરોજ બપોરે ૧૫:૦૦ કલાકે પ્રસ્થાન કરે છે અને તે જ દિવસે રાત્રે ૨૨:૧૦ કલાકે પોરબંદર પહોંચે છે.
- આ ટ્રેનનો ખોડીયાર મંદિર સ્ટેશન પર આગમન સમય ૧૫:૨૦ કલાક અને પ્રસ્થાન સમય ૧૫:૨૧ કલાક રહેશે.
- પરત દિશામાં ટ્રેન નં. ૫૯૫૫૭ પોરબંદર – ભાવનગર ટર્મિનસ દૈનિક પેસેન્જર દરરોજ પોરબંદર થી સવારે ૦૭:૩૦ કલાકે પ્રસ્થાન કરે છે અને તે જ દિવસે બપોરે ૧૪:૩૦ કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચે છે.
- આ ટ્રેનનો ખોડીયાર મંદિર સ્ટેશન પર આગમન સમય ૧૩:૨૪ કલાક અને પ્રસ્થાન સમય ૧૩:૨૫ કલાક રહેશે?

યાત્રિયોની સુવિધા માટે આ ટ્રેનના ઠેરાવ, રચના અને સમયપત્રક અંગેની વિગતવાર માહિતી ભારતીય રેલવેની વેબસાઇટ www.enquiry.indianrail.gov.in પર ઉપલબ્ધ છે.

# બનાસકાંઠા જિલ્લામાં બે વરસમાં ૧૬ બોર્ડ અને કોર્પોરેશનને ૫.૨૩ લાખ ચો.મી. અને છોટા ઉદેપુરમાં ૯૩ હજાર ચો.મી. જમીન ફાળવાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં આજે સોમવારથી ચોમાસુ સત્ર શરૂ થયુ છે. આ સત્રની શરૂઆત પ્રશ્નોત્તર કાળથી થઈ હથી. જેમાં બનાસકાંઠા અને જેતપુર (એસટી) ના ધારાસભ્ય દ્વારા જાહેર હેતુ માટે ફાળવવામાં આવેલી જમીન અંગે સવાલ કરાયો હતો. જેનો મુખ્યમંત્રી વતી ઉદ્યોગમંત્રી એ કહ્યુ હતુ કે નાગરીકોની સુવિધા વધારવામાં મદદરૂપ થતા રાજ્ય સરકારના બોર્ડ અને કોર્પોરેશનને જાહેર હિતમાં બજાર ભાવે જમીન ફાળવવામાં આવે છે.

બનાસકાંઠા ના ડીસાના ધારાસભ્ય પ્રવિણ માળી અને જેતપુર (એસટી) ના ધારાસભ્ય સવજીભાઈ રાઠવાએ જાહેર હેતુ માટે ફાળવાયેલી જમીન અંગે સવાલો કર્યો હતા. જેના જવાબમાં ઉદ્યોગમંત્રીએ જણાવ્યુ હતુ કે બનાસકાંઠા જિલ્લામાં ૩૧ જુલાઈ ૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વરસ દરમિયાન જાહેર હિતમાં જમીન ફાળવવા માટે વિવિધ બોર્ડ / કોર્પોરેશન દ્વારા કુલ ૨૨ અરજી મળી હતી. જે તમામ આધાર પુરાવાની તપાસ કર્યા બાદ રાજય સરકાર દ્વારા કુલ ૧૬ અરજીને મંજુરી આપીને આશરે ૫,૨૩,૨૯૭ ચો.મી. જમીન ફાળવવામાં આવી હતી. છોટા ઉદેપુર જિલ્લામાં ૩૧ જુલાઈ ૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વરસ દરમિયાન જાહેર હિતમાં જમીન ફાળવવા માટે વિવિધ બોર્ડ / કોર્પોરેશન દ્વારા કુલ ૪૧ અરજી મળી હતી. તમામ આધાર પુરાવાની તપાસ કર્યા બાદ રાજય સરકાર દ્વારા આમાંથી કુલ ૩૩ અરજીને મંજુરી આપીને આશરે ૯૩,૩૨૯ ચો. મી. જમીન ફાળવવામાં આવી હતી. બોર્ડ કે કોર્પોરેશન દ્વારા સરકારી જમીનની માંગણી કરવામાં આવે ત્યારે જરૂરી તમામ આધાર પુરાવા અને ઉદેશની તપાસ કર્યા બાદ જંત્રી મુજબની કિંમત એડવાન્સમાં જમા લઈ તેમને જમીનનો આગોતરો કબ્જો સોંપવામાં આવે છે.

ભરપાઈ કરેલી જંત્રી આધારીત રકમ બાદ કરતા બાકી રહેતી તફાવતની રકમ ભરપાઈ કરવાના સમયે આગોતરો કબ્જો સોંપ્યા તારીખથી તફાવતની રકમ ભરપાઈ કરવામાં આવે તે તારીખ સુધીના સમયગાળા માટે વાર્ષિક ૮ ટકાના દરે વ્યાજ પણ અરજદાર સંસ્થા પાસેથી વસુલવામાં આવે છે.

# સુરત અને હિંમતનગરમાં ભાજપ મહિલા મોરચાનો કોંગ્રેસ વિરુધ્ધ ઉગ્ર પ્રદર્શનઃ હિંમતનગરમાં ભાજપ મહિલા મોરચાએ પ્લે કાર્ડ કે સુત્રોચ્ચાર વગર કોંગ્રેસનો વિરોધ કરતા જાણે સસ્તી પ્રસિધ્ધી મેળવવા મહિલા મોરચાએ વિરોધ કર્યો હોવાનુ ચર્ચાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

બિહારમાં કોંગ્રેસ અને આરજેડી દ્વારા જાહેર મંચ પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વર્ગસ્થ માતૃશ્રી અંગે અભદ્ર અને અશોભનીય ટીપ્પણી કરવામાં આવતા સુરત અને હિંમતનગરમાં ભાજપ મહિલા મોરચા દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. ત્યારે સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે ભાજપ મહિલા મોરચા દ્વારા કોંગ્રેસ વિરૂધ્ધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતુ તેમાં માત્ર ને માત્ર કેમેરામાં મહિલાઓ જાણે તસવીર પડાવવા માટે બેઠી હોય તેવુ ચર્ચાયુ હતું. કારણ કે મહિલાઓ પાસે ન તો પ્લે કાર્ડ કે




સુત્રોચ્ચાર વગર વિરોધ પ્રદર્શન કરવામાં આવતા ચર્ચાનો વિષય બનવા પામ્યો હતો. સુરતમાં વિરોધ પ્રદર્શન ટાણે સુરત મહાનગરના પ્રમુખ પરેશ પટેલ, મેયર દક્ષેશ માવાણી તેમજ મોટી સંખ્યામાં મહિલા કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા. અઠવાલાઈન્સ ખાતે ઈચ્છાનાથ મહાદેવ મંદિર નજીક ધરણા યોજી કલેકટરને આવેદન પત્ર આપવામાં આવ્યુ હતું. મહિલા મોરચાની અધ્યક્ષ શીલાબેન તારપરાએ જણાવ્યુ હતુ કે માતા ઈશ્વર સમાન છે, માતૃ દેવો ભવઃ એ આપણુ મુલ્ય છે. પરંતુ કોંગ્રેસે જાહેરમાં અપમાન જનક ટીપ્પણી કરી છે તેના બદલ રાહુલ ગાંધી સહિત કોંગ્રેસે માફી માંગવી જોઈએ. ભાજપ પ્રમુખ પરેશ પટેલે જણાવ્યુ હતુ કે આ માત્ર મોદીની માતા નહી પરંતુ સમગ્ર ભારતની માતાઓનુ અપમાન છે અને રાજકારણ માટે માતા પિતાને અપમાન કરવાનો કોઈને અધિકાર નથી. મેયર દક્ષેશ માવાણીએ પણ જણાવ્યુ હતુ કે માતા પિતા આપણા જીવનની પ્રેરણા છે તેમનુ અપમાન સ્વીકાર્ય નથી. તો બીજી તરફ સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતેના ટાવર ચોક ખાતે સાબરકાંઠા જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા ધરણા પ્રદર્શન અને આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા મહિલા મોરચા પ્રમુખ નિલાબેન પટેલ, જિલ્લા સંગઠનના અધ્યક્ષ કનુભાઈ પટેલ, મહામંત્રી વિજય પંડયા, મહિલા મોરચાના પ્રજ્ઞાબેન પટેલ, કાજલબેન દોશી, નિલાબેન વ્યાસ, નિર્મળાબેન પંચાલ સહિત શહેર ભાજપના અગ્રણીઓ અને પાલિકા પ્રમુખ વિમલ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા.

# તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંગે પાટણ ધારાસભ્ય કિરીટ પટેલે પુછેલા પ્રશ્નના જવાબમાં ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જવાબ આપ્યો હતો

પ્રતિનિધિ,ગાંધીનગર

વિધાનસભા ગૃહમાં તેરા તુજકો અર્પણ અંગે પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે પુછેલા પ્રશ્નના જવાબમાં ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ હતુ કે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૨ થી શરૂ કરવામાં આવેલી આ પહેલનો મુખ્ય ઉદ્દેશ વિવિધ પોલીસ સ્ટેશન ખાતે ચોરી, લુંટ કે છેતરપીંડી જેવા ગુન્હાઓમાં કબ્જે કરવામાં આવેલા મુદ્દામાલને પરત મેળવવા માટે રાજયના નિર્દોષ નાગરીકોને ધકકા ન ખાવા પડે અને ખુબ જ ટુંકા સમયમાં તે મુદ્દામાલ તેમને પરત મળે તે માટે ઝડપી કાર્યવાહી કરવાનો છે.

તેરા તુજકો અર્પણ અંતર્ગત રાજયમાં અત્યાર સુધી કુલ ૯૦૮૧ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં ૪૦૮૧૧ લાભાર્થીઓને રૂપીયા ૫૦૦ કરોડથી વધુ કિંમતનો મુદ્દામાલ પરત કરવામાં આવ્યો છે. મંત્રી સંઘવીએ વધુમાં કહ્યુ હતુ કે આ કાર્યક્રમ અંતર્ગત છેલ્લા એક અઠવાડીયામાં ૧૧૨ કરોડનો મુદ્દામાલ નાગરીકોને પરત કરવામાં આવ્યો છે. મંત્રીએ વધુમા કહ્યુ હતુ કે આ કાર્યક્રમ અંતર્ગત દરેક પોલીસ સ્ટેશન ખાતે કબ્જે થયેલા મુદ્દામાલ ખુબ જ ઓછા સમયમાં નામદાર કોર્ટમાંથી પરત સોંપવા અંગે હુકમ મેળવી તે મુદ્દામાલ લોકદરબાર / જાહેર કાર્યક્રમ યોજી ફરીયાદી / અરજદારોને પરત આપવાની કામગીરી કરવામાં આવે છે. તેથી આ કાર્યક્રમ ખુબ લોકપ્રીય થયો છે અને લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે. સુરત ખાતે થયેલી લુંટ અને તેના ડીટેકશન અંગે પુછાયેલા પ્રશ્નનો જવાબ આપતા સંઘવી એ કહ્યુ હતુ કે સુરત શહેરમાં થયેલી ૭.૮૬ કરોડની હીરાની લુંટના બનાવમાં પોલીસે ગણતરીના કલાકોમાં એટલે કે માત્ર ૪૮ કલાકમાં ગુન્હો ડીટેકટ કરી તેનો મુદ્દામાલ પણ મુળ માલીકોને માત્ર એક અઠવાડીયામાં પરત અપાવવામાં ગુજરાત પોલીસને સફળતા મળી હતી.

આદિવાસી જિલ્લાઓમાં આ કાર્યક્રમ અંતર્ગત થયેલી કામગીરી અંગે પુછેલા પ્રશ્નનો જવાબ મંત્રી સંઘવીએ આપતા કહ્યુ હતુ કે મોટા શહેરોથી લઈને નગરો અને આદિજાતિ વિસ્તારમાંના છેવાડાના ગામ સુધી આવા કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. સુરત, નવસારી, તાપી, ડાંગ અને વલસાડ જિલ્લાઓમાં તેરા તુજકો અર્પણ અંતર્ગત ૨૩૧૫ નાગરીકોને રૂપીયા ૧૦૫ કરોડથી વધુ કિંમતનો મુદ્દામાલ પરત કરવામાં આવ્યો છે. એટલુ જ નહી છેવાડે આવેલા સોનગઢના એક વૃધ્ધાનુ ઘર જે વ્યાજ ખોરોએ પચાવી પાડયુ હતુ તે પણ આ કાર્યક્રમ હેઠળ પરત અપાવવામાં આવ્યુ છે.

# વિધાનસભા પરીસરમાં ગૃહમંત્રી પર જુતુ ફેંકનાર ગોપાલ ઈટાલીયાએ પહેલીવાર ગૃહમાં પગ મુકયો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાનુ આજે સોમવારથી ૩ દિવસનુ ચોમાસુ સત્ર શરૂ થયુ છે ત્યારે સત્રના પ્રથમ દિવસે જ કોંગ્રેસના નેતાઓ વિધાનસભાની બહાર પોસ્ટરો પકડીને અને વિરોધ પ્રદર્શન કરતા જોવા મળ્યા હતા. ત્યારે આમ આદમી પાર્ટીના ધારાસભ્યએ પણ ભેગા મળી વિરોધ નોંધાવ્યો હતો.

આ વિધાનસભાના સત્રમાં હાજરી આપવા માટે આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, જામ જોધપુરના ધારાસભ્ય હેમંત ખવા, ગારીયાધારના ધારાસભ્ય સુધીર વાઘાણી વિધાનસભા ખાતે પહોચ્યા હતા. આ ત્રણેય ધારાસભ્ય ગુજરાતમાં કથળેલી રોડ રસ્તાની ખરાબ સ્થિતિને લઈને જનતાનો અવાજ બનીને બેનર અને પોસ્ટર સાથે વિધાનસભામાં પહોચ્યા હતા અને નારે બાજી કરી હતી. વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ



મીડીયા સાથે વાતચીત કરતા જણાવ્યુ હતુ કે આખા ગુજરાતના રોડ રસ્તાઓ ભયંકર હદે તુટેલી અને ખાડાવાળી સ્થિતિમાં છે. આ રસ્તા પરથી પસાર થતા લોકોના આ શરીરને, વાહનોને ભારે નુકશાન થઈ રહ્યુ છે, લોકો બહુ દુઃખી છે અને થાકી ગયા છે, આજે હું મારા વિધાનસભા કાર્યકાળના પહેલા દિવસે જનતાના પ્રતિનિધિ તરીકે ગુજરાતની જનતાનો મુદ્દો લઈને આવ્યો છું અમે એવી આશા રાખીએ છીએ કે વિકાસની વાતો કરનારા લોકોને રોડ પરના ખાડા દેખાય, ખાડામાં પડેલા વાહનો અને ખાડામાં પડતા માણસોની પીડા દેખાય, આજે મારો પ્રથમ દિવસ હોવાથી મને અત્યંત ઉત્સાહ, જિજ્ઞાસાની સાથે સાથે થોડી નર્વસનેસ પણ છે. આ વિધાનસભામાં કઈ રીતે કામગીરી થાય છે, અહીંના લોકો કઈ રીતે કામ કરે છે, અહીંના નિયમો આ તમામ બાબતો વિશે જાણવાની મને જિજ્ઞાસા છે, ગોપાલ ઈટાલીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે જુનાગઢ, ભેંસાણ અને વિસાવદરના મતદારોએ મને આ મહાન ગૃહની અંદર બેસવાનો અધિકાર આપ્યો છે, અહીંયા હું બેસીને ગુજરાતની જનતા માટે બોલી શકીશ, અવાજ ઉઠાવી શકીશ એ વાતનો મને ઉત્સાહ છે, હું જે કામ કરવા માટે અહીંયા આવ્યો છુ એમાં હું કેટલુ સારી રીતે પરફોમ કરી શકીશ એ બાબતને લઈને હું થોડો નર્વસ છું, મેં ૧૮ જેટલા સવાલો, ૪ જેટલી નોટીસો અને ૧ ટુંકી મુદતની નોટીસ એમ કરીને કુલ ૨૫ જેટલા સવાલો મેં સરકારને પુછયા છે, એમાંથી કેટલા પ્રશ્નો સરકારે પસંદ કર્યા છે એ ગૃહની અંદર ગયા પછી મને જાણ થશે.

મહત્વનુ છે કે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા ભાજપના ધારાસભ્ય રાજેન્દ્ર ચાવડા પહેલી વાર ધારાસભ્ય તરીકે ગૃહમાં આવ્યા હતા, ત્યારે વિધાનસભા પરીસરમાં જ એક સમયે ગૃહમંત્રી પર જુતુ ફેંકનાર ગોપાલ ઈટાલીયા હવે ધારાસભ્ય બનીને તે જ વિધાનસભામાં ગૃહમાં પહેલી વખત પગ મુકયો છે, ત્યારે તેમણે પહેલા દિવસે જ સરકારને ભીસમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. ગોપાલ ઈટાલીયા વિધાનસભામાં પહેલા જ દિવસે ટાઉન પ્લાનીંગ નો પ્રશ્ન પુછયો હતો, ઈટાલીયાનો પોતાનો પ્રશ્ન ન હતો પણ તેમણે બીજા ના પ્રશ્નમાં પુરક સવાલ ઉઠાવીને કેટલી ટીપી સ્કીમ નિયત સમય મર્યાદા પુર્ણ થયા પછી પણ ફાઈનલ થઈ નથી ? તેવી પૃચ્છા કરી હતી.

# અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનની ચુંટણી અગાઉ કોંગ્રેસનુ સર્જન અભિયાન : વોર્ડ સમિતિ પ્રમુખોની કરાઈ નિમણુંક

પ્રતિનિધિ,ગાંધીનગર

આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણી અને વિધાનસભા ૨૦૨૭ ની ચુંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાત કોંગ્રેસના માળખામાં ફેરબદલ કરવામાં આવી રહ્યો છે. અમદાવાદ મહાનગરપાલિકાની ચુંટણી અગાઉ અમદાવાદ શહેરમાં કોંગ્રેસ દ્વારા વોર્ડ પ્રમુખોની નિમણુંક કરવામાં આવી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ સંગઠન સર્જન અભિયાન અંતર્ગત અમદાવાદ શહેરના વોર્ડ સમિતિના પ્રમુખોની નિમણુંક કરવામાં આવી છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા દ્વારા ગઈ કાલે આ નિમણુંકોને મંજુરી આપવામાં આવી હતી. જેમાં (૧) વોર્ડ નં. ૨ જીતેન્દ્રભાઈ વિષ્ણુભાઈ ઠાકોર (૨) વોર્ડ નં. ૪ ચિંતનભાઈ કમલેશભાઈ મોદી (જૈન) (૩) વોર્ડ નં. ૫ જિગ્નેશભાઈ નંદુભાઈ પટેલ (૪) વોર્ડ નં. ૬ પ્રેમલભાઈ મયુરભાઈ ત્રિવેદી (૫) વોર્ડ નં. ૭ તુષારભાઈ પટેલ (૬) વોર્ડ નં. ૮ સુરેશસિંહ રોહિતસિંહ વિહોલ (૭) વોર્ડ નં. ૯ મહેશભાઈ ત્રિકમલાલ વાઘેલા (હોન્ડા) (૮) વોર્ડ નં. ૧૦ નરેન્દ્રકુમાર સવજીભાઈ પરમાર (૯) વોર્ડ નં. ૧૨ જિગ્નેશભાઈ મોહનભાઈ દાવડા (૧૦) વોર્ડ નં. ૧૩ દેવાંગભાઈ પ્રધાન (૧૧) વોર્ડ નં. ૧૪ સુધાંશુ સુરેન્દ્રસિંહ કુસવાહ (૧૨) વોર્ડ નં. ૧૬ રાજુભાઈ ચૌહાણ (૧૩) વોર્ડ નં. ૧૭ સઈદ અહેમદ ગીસુભાઈ શેખ (૧૪) વોર્ડ નં. ૧૮ જગદીશભાઈ હેમાજી ખટીક (૧૫) વોર્ડ નં. ૧૯ જીતેન્દ્રભાઈ ત્રિકમલાલ શર્મા (૧૬) વોર્ડ નં. ૨૦ રાકેશભાઈ જોશી (૧૭) વોર્ડ નં. ૨૨ દેવેન્દ્રભાઈ પી સોનારા (૧૮) વોર્ડ નં. ૨૩ મુકેશભાઈ પરશોત્તમભાઈ તાવેથીયા (પટેલ) (૧૯) વોર્ડ નં. ૨૪ અશ્વિનભાઈ ડી. ઝાલાવાડીયા (૨૦) વોર્ડ નં. ૨૫ જયેન્દ્રસિંહ હનુભા ઝાલા (૨૧) વોર્ડ નં. ૨૮ ઘનશ્યામભાઈ આર શર્મા (૨૨) વોર્ડ નં. ૨૯ કૈયુમઅલી અહમદભાઈ કુરેશી (૨૩) વોર્ડ નં. ૩૦ રગીનભાઈ બેંકર (૨૪) વોર્ડ નં. ૩૧ શકિતસિંહ કિશોરસિંહ ઝાલા (૨૫) વોર્ડ નં. ૩૨ વિપુલભાઈ ત્રિવેદી (૨૬) વોર્ડ નં. ૩૬ મોહમદ ઈમરાન જહીરૂદ્દીન મકરાણી (૨૭) વોર્ડ નં. ૩૭ તુષારભાઈ એન. સુતરીયા (૨૮) વોર્ડ નં. ૩૯ રાજભાઈ કાનજીભાઈ દેસાઈ (બાબસના) (૨૯) વોર્ડ નં. ૪૦ જનાર્દનભાઈ રાવલ (૩૦) વોર્ડ નં. ૪૧ હરેશભાઈ ખુશાલભાઈ પટેલ (૩૧) વોર્ડ નં. ૪૨ રાજેન્દ્રકુમાર રમણલાલ સેંગલ (૩૨) વોર્ડ નં. ૪૩ અનીલભાઈ રામનીવાજ વર્મા (૩૩) વોર્ડ નં. ૪૫ જપન દેવાંગકુમાર ભટ્ટ (૩૪) વોર્ડ નં. ૪૬ ઘનશ્યામસિંહ પરમાર (૩૫) વોર્ડ નં. ૪૭ જયશ્રીબેન નરેન્દ્રસિંહ ઠાકોર (૩૬) વોર્ડ નં. ૪૮ ધીરૂભાઈ ભરવાડ

# પશ્ચિમ રેલવે ચલાવશે અમદાવાદ અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે સ્પેશ્યલ ટ્રેન

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને તહેવારોની સીઝન દરમિયાન તેમની મુસાફરીની માંગને પુરી કરવાના ઉદેશ્યથી અમદાવાદ અને બાંદ્રા ટર્મિનસ સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક સ્પેશ્યલ ટ્રેન ચલાવવામાં આવશે.

આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:

- ટ્રેન સંખ્યા ૦૯૪૪૨/૦૯૪૪૧ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સ્પેશ્યલ ૨૪ ટ્રિપ્સ્

ટ્રેન સંખ્યા ૦૯૪૪૨ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સ્પેશ્યલ મંગળવાર, ૧૬ અને ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ અમદાવાદથી ૨૧:૧૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૬:૦૦ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. તેવી જ રીતે ટ્રેનસંખ્યા ૦૯૪૪૧ બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ સ્પેશ્યલ બુધવાર, ૧૭ અને ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ બાંદ્રા ટર્મિનસથી ૨૨:૫૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૭:૪૦ કલાકે અમદાવાદ પહોંચશે.

આ ટ્રેન બંને દિશાઓમાં નડિયાદ, આણંદ, વડોદરા, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ૨ ટાયર, એસી ૩ ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

ટ્રેન સંખ્યા ૦૯૪૪૨ અને ૦૯૪૪૧ નું બુકિંગ ૦૯ સપ્ટેમ્બર ૨૦૨૫ થી બધા પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે.

ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# અંગદાન માં સિવિલ હોસ્પિટલે મેળવ્યો એક વધુ માઈલ સ્ટોન

સિવિલ હોસ્પિટલે અંગદાનક્ષેત્રે એક નવી સિધ્ધિ હાંસલ કરી છે. અત્યાર સુધી અંગદાન થકી ૭૦૨ અંગો દાન માં મળ્યા છે.આ ઉપરાંત ૧૪૬ ચક્ષુ તેમજ ૨૪ ચામડી મળી કુલ ૧૭૦ પેશીઓનું પણ દાન મળ્યુ છે. અંગદાન દ્વારા અનેક દર્દીઓને નવુ જીવન મળ્યુ છે અને તેમના નિરાશ પરિવારોને નવી આશા મળી છે. સિવિલ હોસ્પિટલ ની અંગદાન ટીમની અવિરત મહેનત તથા અંગદાતાશ્રીઓના પરિવારોના ઉદાર નિર્ણયથી આ સિદ્ધિ શક્ય બની છે. સિવિલ હોસ્પિટલ ખાતે થયેલા ૨૧૨ માં અંગદાન ની વિગતો જોઈ એ તો અમદાવાદના હાટકેશ્વર, અમરાઈવાડી વિસ્તારમાં રહેતા અને ફેક્ટરી માં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા ૪૬ વર્ષીય કપીલભાઈ બારડ ને માથા ના ભાગે ઈજા સાથે ૧૦૮ એમ્બ્યુલંસ દ્વારા તારીખ ૪ સપ્ટેમ્બર ના રોજ સવારે ૯ વાગ્યે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે લાવવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન



તા.૭. ૦૯.૨૦૨૫ ના રોજ ડોક્ટરોએ કપીલભાઈને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. સિવિલ હોસ્પિટલની અંગદાન ટીમના ડૉ. મોહિત ચંપાવત દ્વારા કપીલભાઈ ની બ્રેઇનડેડ પરિસ્થિતિ અને અંગદાન વિશે સિવિલ હોસ્પિટલમાં હાજર તેમનાં પત્ની સરોજબહેન તેમજ અન્ય હાજર સગાઓને સમજાવતા ખુબ જ વ્યથિત મને પરહીતમાં તેમના પત્ની સરોજ બેને કપીલભાઇ નાં અંગોનું દાન કરવા સંમતિ આપી હતી. સિવિલ હોસ્પિટલ ખાતે આજદિન સુધીમાં કુલ ૨૧૨ અંગદાન થકી કુલ ૭૦૨ અંગોનું દાન મળ્યું છે. આમ જોઈ એ તો ૧૪૬ ચક્ષુ તેમજ ૨૪ ચામડી મળી કુલ ૧૭૦ પેશી ઓ સાથે કુલ ૮૭૨ અંગો તેમજ પેશીઓ નુ દાન સિવિલ હોસ્પિટલ દ્વારા આજદીનસુધી મેળવવામાં આવ્યુ છે તેમ ડો.જોષી એ વધુ માં જણાવ્યુ હતુ. આ અંગદાન સાથે સિવિલ હોસ્પિટલમાં અત્યારસુધી ૧૮૭ લીવર, ૩૮૮ કીડની, ૧૭ સ્વાદુપિંડ, ૬૮ હૃદય, ૬ હાથ, ૩૪ ફેફસાં, ૨ નાનાં આંતરડાં, ૧૪૬ ચક્ષુ તથા ૨૪ ચામડીનું દાન મળ્યુ છે. સિવિલ હોસ્પિટલ માં થયેલ આ અંગદાનથી મળેલ ૨ કીડની અને ૧ લીવર ને સિવિલ મેડીસીટી કેમ્પસની જ કીડની હોસ્પિટલ ના જરુરીયાત્મંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે તેમજ મળેલ બે આંખોનુ દાન સિવિલ મેડીસીટી ની એમ એન્ડ જે આંખ ની હોસ્પિટલ દ્વારા સ્વીકારવામાં આવ્યુ હતુ. આ અંગદાન થી મળેલ એક ત્વચા ના દાન ને સિવિલ હોસ્પિટલ ની જ સ્કીન બેંક દ્વારા સ્વીકારવામા આવ્યુ હતુ જેને હોસ્પીટલ માં દાખલ દાઝેલા દર્દી ઓ ની સારવાર માં ઉપયોગ મા લેવામાં આવશે.

### અંજલિ રુપાણી થયા ભાવુક

# વિધાનસભા પરિસરમાં પૂર્વ સીએમ વિજય રૂપાણીના ચલચિત્રનું અનાવરણ

## ચલચિત્ર અનાવરણ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી, રાજ્યના મંત્રીઓ હાજર રહ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર,

ગુજરાત વિધાનસભા પરિસરમાં આજે એક ભાવનાત્મક ક્ષણ સર્જાઈ જ્યારે પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજય રૂપાણીનું ચલચિત્ર અનાવરણ કરવામાં આવ્યું. રાજ્યના મુખ્યપ્રધાન તરીકે સેવા આપનારા નેતાની યાદને ચિરંજીવ બનાવવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ચલચિત્ર અનાવરણ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી, રાજ્યના મંત્રીઓ તથા ધારાસભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે સ્વ. વિજય રૂપાણીના પરિવારજનો પણ ઉપસ્થિત રહ્યા. પત્ની અંજલિબેન રૂપાણી તથા પુત્ર ઋષભ રૂપાણીની હાજરીએ વાતાવરણ વધુ ભાવનાત્મક બનાવ્યું હતુ. અનાવરણ સમયે અંજલિબહેનની આંખો ભીની થઈ જતાં સમગ્ર હોલમાં શાંત અને સંવેદનાથી ભરેલો માહોલ સર્જાયો હતો.

વિધાનસભા પોડિયમ પર પહેલાથી જ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીઓના ચલચિત્રો મૂકાયેલા છે. આજે આ હરોળમાં વિજય રૂપાણીનું ચલચિત્ર પણ ઉમેરાતા તેમની રાજકીય સફર અને રાજ્ય માટેનું યોગદાન હંમેશા યાદગાર બની રહેશે.

વિજય રૂપાણીનો જન્મ ૨ ઓગસ્ટ ૧૯૫૬ના રોજ મ્યાનમારમાં થયો હતો અને બાદમાં તેમનું કુટુંબ રાજકોટ સ્થાયી થયું. તેઓ લાંબા સમય સુધી ભાજપ સાથે જોડાયેલા રહ્યા અને સંઘથી લઈને ભાજપ સંગઠન સુધી સક્રિય રહ્યા. તેઓએ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કાઉન્સિલર તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી અને બાદમાં ગુજરાત ભાજપના પ્રમુખ તેમજ રાજ્યના મુખ્યમંત્રી સુધીની સફર કરી હતી.

૨૦૧૬માં તેમણે આનંદીબેન પટેલના રાજીનામા બાદ મુખ્યમંત્રી પદ સંભાળ્યું હતું. તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાતમાં વિકાસ કાર્યોને વેગ મળ્યો હતો. ખાસ કરીને હેલ્થ, એજ્યુકેશન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે અનેક નિર્ણયો લેવામાં આવ્યા હતા. તેઓ સામાન્ય માણસ સુધી પહોંચતા નેતા ગણાતા હતા અને લોકોને સીધી રીતે મળતા, વાતચીત કરતા.

વિજય રૂપાણી પોતાના સાદગીભર્યા સ્વભાવ માટે પણ યાદ રાખવામાં આવશે. એક વિડિઓ ખાસ કરીને લોકોના દિલમાં વસેલો છે, જેમાં તેઓ રેડ બીકનવાળી ગાડીનો ઉપયોગ ન કરવા અંગે વાત કરતા જોવા મળ્યા હતા. તેઓ માનતા હતા કે નેતાઓએ વી.આઈ.પી. સંસ્કૃતિથી દૂર રહીને સામાન્ય નાગરિક જેવી જ રીતે વર્તવું જોઈએ.

૧૨ જૂન ૨૦૨૫ના રોજ એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં વિજય રૂપાણીનું અવસાન થયું હતું. આ દુર્ઘટનાએ સમગ્ર ગુજરાતને શોકમાં મૂકી દીધું હતું. રાજકોટથી લઈને ગાંધીનગર સુધી શોકની લાગણી ફેલાઈ હતી. તેઓ માત્ર એક રાજકીય નેતા જ નહોતા, પરંતુ ગુજરાતની જનતા માટે એક સરળ, સહજ અને પ્રજાહિત માટે કાર્યરત ચહેરો હતા.

આજે વિધાનસભા પરિસરમાં તેમના ચલચિત્રનું અનાવરણ થતાં ફરી એકવાર તેમની યાદ તાજી થઈ ગઈ. મુખ્યમંત્રી અને અધ્યક્ષ સહિત તમામ મહાનુભાવો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. અંજલિબેન અને ઋષભ રૂપાણીની હાજરીએ આ પ્રસંગને વધારે ભાવનાત્મક બનાવ્યો.

### બનાસકાંઠામાં બારે મેઘ ખાંગા થતાં સર્વત્ર દરિયા જેવી સ્થિતી

# વાવ, થરાદ અને નડાબેટમાં દરિયા જેવી સ્થિતી, વહિવટીતંત્ર પણ મુશ્કેલીમાં

## બચાવ અને રાહત કામો માટે નિકળેલા જિલ્લા કલેક્ટર પણ વાવ થરાદ હાઈવે પર ધસમસતા પાણીનો પ્રવાહ હોવાથી રસ્તામાં જ અટવાઇ ગયા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા,

રાજ્યમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં બારે મેઘ ખાંગા થતાં સર્વત્ર દરિયા જેવી સ્થિતિ જોવા મળી રહી છે. વીતેલા ૨૪ કલાકમાં બનાસકાંઠાના સુઇગામમાં ૧૬.૧૪ ઇંચ જેટલો વરસાદ ખાબક્યો છે જેના કારણે નડાબેટનું રણ દરિયામાં ફેરવાઇ ગયું છે. રણમાં ભારે વરસાદ પડ્યો છે અને તેનાથી બનાસકાંઠાનો સરહદી વિસ્તાર જળબંબાકાર બન્યો છે. બચાવ અને રાહત કામો માટે નિકળેલા જિલ્લા કલેક્ટર પણ વાવ થરાદ હાઇવે પર ધસમસતા પાણીનો પ્રવાહ હોવાથી રસ્તામાં જ અટવાઇ ગયા હતા.

બનાસકાંઠાના સરહદી વિસ્તારો જળબંબાકાર થયા છે. બારે મેઘ ખાંગા થયા હોવાથી વાવ, થરાદ, સુઈગામ અને તેની આસપાસના વિસ્તારો બેટમાં ફેરવાયા છે. વાવ થરાદ હાઈવે બંધ થતા કલેકટર અટવાયા હતા. હાઈવે ઉપર નાના વાહનો પસાર ના થઈ શકે તેવો પ્રચંડ પ્રવાહ જોવા મળી રહ્યો છે. કલેક્ટરે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં અતિ ભારે વરસાદ થવાના કારણે ૧૨ ગામો સંપર્ક વિહોણા થયા છે અને ૨૮૯ ગામોમાં વીજળી ગુલ થઈ છે. તેમણે કહ્યું કે બચાવ અને રાહત કાર્યો ચાલી રહ્યા છે અને NDRFની ૧ અને SDRFની ૨ ટીમો તૈનાત છે.

અતિ ભારે વરસાદના કારણે બનાસકાંઠાના અનેક ગામો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. જિલ્લામાં અતિ ભારે વરસાદના કારણે બનાસકાંઠા વહીવટી તંત્રની થરાદ ખાતે બેઠક મળી હતી. બેઠક બાદ જિલ્લા કલેક્ટર, એસપી, જિલ્લા વિકાસ અધિકારી સહિત તંત્ર નો કાફલો વાવ જવા રવાના થયો હતો પણ વાવ થરાદ હાઈવે બંધ થતા કલેકટર તેમજ તંત્રની ગાડીઓ રસ્તામાં રોકવામાં આવી હતી અને વાવ થરાદ હાઈવે પાણીમા ગરકાવ થતા તંત્રનું જવું મુશ્કેલ બન્યું હતું જેથી જિલ્લા કલેકટર એસપી અને ડીડીઓએ પોતાની ગાડીઓ છોડી હતી અને રેઈનકોટ પહેરી કલેકટર એસપી અને ડીડીઓ પ્રાઈવેટ ગાડીમાં ભરાયેલા વાવ જવા નીકળ્યા હતા

### કચ્છના રાપરમાં ૨૦ લોકોનું સ્થળાંતર

# રાપર તાલુકામાં ૨ દિવસમાં ૧૭ ઈંચ વરસાદ ખાબકતાં રોડ-રસ્તા ધોવાયા

## આવી સ્થિતિમાં રાપર તાલુકાના ડાવરી ગામ પાસે રોડ તૂટતાં એક ૧૦૮ એમ્બ્યુલન્સ ફસાઈ હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ,

કચ્છના રાપર તાલુકામાં ૨ દિવસમાં ૧૭ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં અનેક વિસ્તારો ટાપુમાં ફેરવાઈ જવાની સાથે નદી-નાળા અને ડેમ, તળાવો છલકાતાં રોડ-રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. આ દરમિયાન કેટલાક રસ્તાઓને વ્યાપક નુકસાન પહોંચવાના કારણે વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો છે, ત્યારે આવી સ્થિતિમાં રાપર તાલુકાના ડાવરી ગામ પાસે રોડ તૂટતાં એક ૧૦૮ એમ્બ્યુલન્સ ફસાઈ હતી.

જોકે, સ્થળ પર હાજર ગામના લોકોએ અને પોલીસ તેમજ એમ્બ્યુલન્સના કર્મીઓએ મહિલા દર્દીને સ્ટ્રેચર પર ઉંચકીને પાણીનું વહેણ પાર કરાવ્યા બાદ ૧૧૨ની મદદથી સમયસર હોસ્પિટલે પહોંચાડવામાં સફળતા મેળવી હતી. નોંધનીય છે કે ધોળાવીરાને રાપર સાથે જોડતાં મુખ્ય માર્ગ પર ડાવરી ગામ પાસે રોડ તૂટતાં ખડીર વિસ્તારમાંથી આવતી એમ્બ્યુલન્સ અટકી હોવાની જાણકારી મળતાં ડાવરી અને ખારસર વાંઢના લોકો મદદ માટે દોડી ગયા હતા અને મહિલા દર્દી સ્ટ્રેચર પર લઈને પાણીનું વ્હેણ પાર કરાવવામાં મદદરૂપ બન્યા હતા.

પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યું હતું કે વાગડ પંથકમાં ભારે વરસાદ વરસ્યો છે. જેથી નદી, કોઝવે સહિતના સ્થળોએ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્થાનિક પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે તેમજ લોકોને પણ આવા સ્થળે ન જવા સૂચના આપવામાં આવી રહી છે. આ દરમિયાન પોલીસ નાગરિકોને મદદરૂપ બનવાના તમામ પ્રયાસ કરી રહી છે.કચ્છના રાપરના માનગઢ ગામના ૨૦ લોકોનું શેલ્ટર હોમમાં સ્થળાંતર કરાયું છે. ભારે વરસાદના લીધે ચિત્રોડ-રાપર-બાલાસર નેશનલ હાઈવે બંધ કરવામાં આવ્યો છે. વરસાદના કારણે પૂર્વ કચ્છમાં ૫૬ વીજપોલને નુકસાન થયું છે અને ૧૩૪ ફીડરને અસર થઈ છે. પશ્ચિમ કચ્છમાં ૧૧૭ ફીડર અસરગ્રસ્ત થયા છે. વરસાદના કારણે પૂર્વ કચ્છમાં ૧૮ ગામ તથા પશ્ચિમ કચ્છના ૨૦ ગામના વીજપુરવઠાને અસર થઈ છે. હાલમાં વરસાદને લઈને લોકોને સાવચેતી રાખવા માટે તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે અને અજાણ્યા રસ્તાઓ કે જગ્યાઓ પર ના જવા માટે સૂચના આપવામાં આવી છે.

# અંકલેશ્વરના ગ્રામ્ય વિસ્તારમાં નર્મદા નદીના પાણી ફરી વળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અંકલેશ્વર,

ગુજરાતમાં તથા ઉપરવાસમાં પડેલા સતત વરસાદના કારણે નર્મદા ડેમમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે, જેથી નર્મદા નદી બે કાંઠે વહી રહી છે. કાંઠા ગામોના લોકોને સાવચેત રહેવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે. તો બીજી તરફ અંકલેશ્વરમાં નર્મદા નદીમાં આવેલાં પૂરના પાણીથી તારાજી સર્જાઈ છે. નદી કાંઠા વિસ્તારના ગામોમાં નર્મદા નદીના પાણી ફરી વળ્યા છે.

અંકલેશ્વરમાં નર્મદા નદીના કાંઠે આવેલા સરફુદીન, બોરભાઠા સહિત ૧૪ ગામોમાં પૂરની સ્થિતિને ધ્યાનમાં રાખીને એલર્ટ જાહેર કરવામાં આવ્યા હતા. ઉપરવાસમાંથી સતત પાણીની આવકને કારણે નર્મદા નદીની સપાટીમાં વધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત માંડવા બુઝર્ગથી લઈને ગોલ્ડનબ્રિજ સુધીના પટમાં આવેલા ૫થી વધુ ગામોની સીમમાં નર્મદાના પાણી પ્રવેશ્યા હતા. જે ખેતરમાં ઊભા પાક પર ફરી વાળવા સાથે ઊભા પાકને નુકસાન થયું છે. કાંસીયા, માંડવા, છાપરા, અંદાડા, ગડખોલ, નૌગામા સહીતના ગામોમાં નર્મદાના પાણી ફરી વળ્યા હતા.

# રાજ્ય સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં કૂલ ૭૭૬ ટી.પી. સ્કીમ મંજૂર કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીએ વિધાનસભામાં પૂછાયેલા ટી.પી. સ્કીમ સંદર્ભેના એક પ્રશ્નના ઉત્તરમાં સ્પષ્ટ પણે કહ્યું કે, રાજ્ય સરકાર પક્ષ-વિપક્ષ વિના રાજ્યની તમામ પ્રજાજનોના વિકાસ કાર્યોમાં અવિરત પણે કાર્ય કરી રહી છે.રાજ્યમાં વધતા જતા શહેરીકરણના પગલે સરકાર દ્વારા સુનોયિજીત પણે આયોજન હાથ ધરીને વિકાસ કાર્યો હાથ ધરાયા છે.

પેટલાદના ધારાસભ્ય કમલેશ પટેલે શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગનો સવાલ કર્યો હતો કે, રાજ્યમાં સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં કેટલી ટી.પી સ્કીમો મંજૂર કરવામાં આવી છે અને આ સ્કીમો પૈકી વર્ષ વાર કેટલી મુસદ્દા રૂપ, પ્રારંભિક અને આખરી સ્કીમને મંજૂરી આપવામાં આવી છે. તેમના જવાબમાં સરકારના મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતુ કે, રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં ૭૭૬ જેટલી ટી.પી. સ્કીમ મંજૂર કરવામાં આવી છે. તેમાં પણ વર્ષ ૨૦૨૫ ના ફક્ત ૮ મહિનામાં ૯૫ જેટલી ટી.પી. સ્કીમ મંજૂર કરી છે. જેની કામગીરી યુધ્ધના ધોરણે ચાલુ છે. રાજ્યમાં ટી.પી.એક્ટની તમામ જોગવાઈઓ અને નિયમ પ્રમાણે જ કામગીરી કરવામાં આવી રહી છે.

કેટલાક કિસ્સામાં ટી.પી. સ્કીમની અમલવારીના વિલંબ થવાના ટેકનીકલ કારણો, કોર્ટ મેટર હોઈ શકે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા તેનો પણ સત્વરે નિકાલ લાવીને તમામ ટી.પી. સ્કીમ સમયમર્યાદામાં જ પુર્ણ કરવાના પ્રયાસો હાથ ધરાયા છે જેમાં મહદ્અંશે સફળતા પણ મળી હોવાનું મંત્રીએ કહ્યું હતુ. હાલ રાજ્યમાં ૫૦૬ જેટલી નવી નગર રચના યોજના(ટી.પી,) બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે કાયદાકીય જોગવાઇ અનુસાર સમયમર્યાદામાં આખરી કરવામાં આવનાર હોવાનું મંત્રીએ જણાવ્યુ હતુ.

# પાટણના સાંતલપુરમાં જળબંબાકારની સ્થિતિ, ૪૦ કલાકમાં ૧૫ ઈંચ વરસાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)પાટણ,

ઉત્તર ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી સર્જાયેલી ડિપ્રેશન સિસ્ટમના કારણે ભારે વરસાદ પડી રહ્યો છે, જેનાથી અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને પાટણના સાંતલપુર તાલુકામાં પરિસ્થિતિ અત્યંત ગંભીર છે, જ્યાં છેલ્લા ૪૦ કલાકમાં ૧૩ થી ૧૫ ઇંચ જેટલો અતિભારે વરસાદ પડ્યો છે. સાંતલપુર તાલુકામાં અનરાધાર વરસાદને કારણે અનેક ગામો પાણીમાં ગરકાવ થયા છે. વૌવા, બકુત્રા, દાત્રાણા, રણમલપુરા, ધોકાવાડા, ચારણકા, એવાલ સહિતના ગામોમાં પાણી ભરાઈ ગયા છે, જેના કારણે લોકોનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા અનેક ઘરોને નુકસાન થયું છે.

પાણીમાં ફસાયેલા લોકોને બચાવવા માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે બચાવ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. સાંતલપુરના વૌવા અને કલ્યાણપુરા ગામમાંથી અત્યાર સુધીમાં ૪૦થી વધુ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. પરિસ્થિતિની ગંભીરતા જોતા મહેસાણાથી SDRFની ટીમને બોલાવવામાં આવી છે, જે બચાવ અને રાહત કાર્યમાં સ્થાનિક તંત્રને મદદ કરી રહી છે.સાંતલપુરથી કચ્છ જતા નેશનલ હાઈવે પર પણ ભારે વરસાદની અસર જોવા મળી રહી છે. રોડ પર પાણી ભરાઈ જતા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. અનેક વાહનો અટવાઈ ગયા છે અને વાહનવ્યવહાર ધીમો પડ્યો છે. આગામી દિવસોમાં પણ વરસાદનું જોર યથાવત રહેવાની શક્યતા હોવાથી તંત્ર દ્વારા લોકોને સાવચેત રહેવા અને જરૂર વગર ઘરની બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે.

# વિધાનસભા સત્રમાં મંત્રી બચુ ખાબડને લઈ કોંગ્રેસ આક્રમક

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસીય ચોમાસુ સત્રનો પ્રારંભ થયો. પ્રથમ દિવસે પ્રશ્નોતરી કાળબાદ પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ સત્ર મુલતવી રાખવામાં આવ્યું હતું. જો કે કોંગ્રેસના સભ્યોએ વિધાનસભાની બહાર હાથમાં પોસ્ટરો સાથે સુત્રોચ્ચાર કર્યા હતા અને વિધાનસભાનો ઘેરાવો કરવાનો પ્રયાસ કર્યો હતો. આજથી ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસનું ચોમાસું સત્ર મળ્યું. સત્રના પ્રથમ દિવસે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. વિધાનસભામા ગૃહમાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. અંજલિબેન રૂપાણી, તેમજ તેમના પુત્ર ઋષભ રૂપાણી સહિત ભાજપના નેતાઓએ વિજયભાઈને શ્રદ્ધાંજલિ આપી હતી. વિધાનસભા પોડીયમ ખાતે વિજય રૂપાણીનીં ચલચિત્ર અનાવરણ કરવામાં આવ્યુ હતું. સત્રને લઈ સરકારને ઘેરવા માટે કોંગ્રેસે રણનીતિ બનાવી. વિધાનસભા બહાર કોંગ્રેસના ધારાસભ્યોએ મંત્રી બચુ ખાબડને લઈ વિરોધ કર્યો અને મંત્રી બચુ ખાબડના રાજીનામાની માંગણી કરી હતી. કોંગ્રેસના નેતાઓએ હાથમાં પોસ્ટર સાથે વિરોધ કર્યો હતો. વિધાનસભા સત્રમાં પ્રજાના પ્રશ્નોનો પર કોઈ પણ પ્રકારની ચર્ચા ન થાય તેવા સરકાર પ્રયાસ કરતી હોવાનો કોંગ્રેસના ધારાસભ્ય તુષાર ચૌધરીએ આરોપ લગાવ્યા છે. રાજ્યમાં અતિવૃષ્ટી, તેમજ તુટેલા રસ્તાને લઈ કોંગ્રેસે ચર્ચા કરવાની માંગ કરી છે પરંતુ સરકાર આ બાબતે કોઈ પણ પ્રકારની ચર્ચા કરવા માંગતી ન હોવાની તુષાર ચૌધરીએ વાત કરી.

આ તરફ વિસાવદરથી ચૂંટાયેલા ધારાસભ્ય ગોપાલ ઈટાલીએ પ્રથમ વખત વિધાનસભા સત્રમાં હાજરી આપી હતી.

# ગોત્રી-નટુભાઈ સર્કલ પાસે આવેલી તરૂણનગર સોસાયટીમાં વરસાદી પાણી ફરી વળતા બેટમાં ફેરવાઈ

## આ સોસાયટીમાં છેલ્લા દસ વર્ષથી વરસાદી પાણી ભરાય છે અને ગટરના પાણી બેક મારે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા,

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં ગોત્રી ખાતે નટુભાઈ સર્કલ નજીક આવેલી તરૂણનગર સોસાયટીના મકાનોમાં ૨૯ જેટલા પરિવારો રહે છે. જેમાં મોટાભાગના વયોવૃદ્ધ ૭૦ થી ૮૦ વર્ષના છે. આ સોસાયટીમાં છેલ્લા દસ વર્ષથી વરસાદી પાણી ભરાય છે અને ગટરના પાણી બેક મારે છે. પાલિકા કચેરીએ સંપર્ક કરતા કોઈ જોવા આવતું નથી. માત્ર એક મહિલા કોર્પોરેટર મદદરૂપ થાય છે. છેલ્લા ત્રણ દિવસથી સોસાયટીના રહીશો ઘર બહાર નીકળી શકતા નથી વરસાદી પાણી તમામ ઘરોમાં ફરી વળ્યા છે. ચૂંટણી વખતે વોટ લેવા આવનાર સમક્ષ પ્રશ્નો રજૂ કરાય છે ત્યારે હવે પ્રશ્નોનો નિકાલ આવી જશે. પરંતુ ત્યારબાદ સોસાયટીનું બજેટ મંજૂર થયું નથી તેવા ઉડાઉ જવાબ અપાય છે. ભરાઈ રહેલા પાણીથી મચ્છરજન્ય રોગચાળાની ભીતિથી રહીશોમાં ગભરાટ વ્યાપેલો રહે છે. વહેલી તકે તમામ પ્રશ્નોનો નિકાલ આવે તેવી સ્થાનિક રહીશોની માગ છે. ઉલ્લેખનીય છે કે ગોત્રી નટુભાઈ સર્કલ નજીક આવેલી ૨૯ મકાનની સોસાયટી પૂરના પાણીથી બેટમાં ફેરવાઈ ગઈ છે.

છેલ્લા દસ વર્ષથી આ પરિસ્થિતિ દર વર્ષે સર્જાય છે. આ ઉપરાંત ગટરના પાણી પણ બેક મારતા દુર્ગંધથી ત્રસ્ત થઈને લોકોને રહેવાની ફરજ પડે છે. નીચાણવાળા વિસ્તારમાં સોસાયટી નહીં હોવા છતાં પાણી ભરાવાનું કારણ તંત્ર દ્વારા શોધી શકાતું નથી. પડોશી સોસાયટીમાં વરસાદના બિલકુલ પાણી ભરાતા નથી. આ સોસાયટીના પ્રત્યેક મકાનમાં ૭૦-૮૦ વર્ષની એકાદ વ્યક્તિ જરૂર છે. તેમને ક્યારેક તાત્કાલિક સારવાર અર્થે જવામાં ભારે તકલીફ પડે છે. લોકોને વેપાર ધંધાએ જવા માટે પણ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વિસ્તારના કોર્પોરેટરોને વારંવાર કહેવા છતાં માત્ર એક મહિલા કોર્પોરેટર ક્યારેક મદદમાં પણ આવે છે. ચોમાસા અગાઉ પણ તંત્ર સમક્ષ આ અંગેની રજૂઆત કરી હતી. છતાં પણ તંત્ર દ્વારા કોણીએ ગોળ ચોંટાડવામાં આવ્યો અને હવે આ વર્ષે પાણી નહીં ભરાય તેવો જવાબ આપ્યો હતો પરંતુ પરિસ્થિતિ યથાવત રહી છે.

બે દિવસ અગાઉ તંત્ર સમક્ષ ફરી એકવાર રજૂઆત કરવા જતા બે દિવસની રજા બાદ સ્ટાફ આવશે ત્યારે કામ થશે તેવા ઉડાઉ જવાબ અપાયા હતા. હવે વહેલી તકે સોસાયટીના સામાન્ય પ્રશ્નોનો વહેલી તકે નિકાલ આવે તેવી સ્થાનિકોની માગ છે.

### પોલીસે સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરાઈ

# રાજકોટમાં હેલ્મેટ માટે પોલીસ સ્પેશિયલ ડ્રાઈવ સામે લોકોમાં રોષ

## સરકાર દ્વારા પહેલા શહેરના રસ્તા પરથી ખાડાઓ દૂર કરાવો અને તેને વાહનચલાવવા માટે યોગ્ય બનાવો, ત્યારબાદ હેલ્મેટ જેવા કાયદાનું કડક પાલન કરાવે

(સંપૂર્ણ સમાચાર સેવા) રાજકોટ,

સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટ દ્વારા સરકારને કરેલા આદેશ બાદ ગૃહ વિભાગ દ્વારા વાહનચાલકોને હેલ્મેટ ફરજિયાતની જાહેરાત કરાઈ છે. ત્યારે હેલ્મેટ અંગે અમલવારી કરાવવા રાજકોટમાં સોમવારથી (આઠમી સપ્ટેમ્બર) પોલીસે સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરાઈ છે. શહેરના રાજમાર્ગો તેમજ અલગ અલગ વિસ્તારોમાં મોટી સંખ્યામાં પોલીસે હેલ્મેટ અંગેની ડ્રાઈવની કામગીરી હાથ ધરી હતી. પરંતુ આ સ્પેશિયલ ડ્રાઈવ સામે લોકોએ રોષ ઠાલવતા કહ્યું કે,'સરકાર દ્વારા પહેલા શહેરના રસ્તા પરથી ખાડાઓ દૂર કરાવો અને તેને વાહનચલાવવા માટે યોગ્ય બનાવો, ત્યારબાદ હેલ્મેટ જેવા કાયદાનું કડક પાલન કરાવે.'

મળતી માહિતી અનુસાર, રાજકોટના કાલાવડ રોડ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, યુનિવર્સિટી રોડ અને ગોંડલ રોડ પર ટ્રાફિક પોલીસે સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. હેલ્મેટ વગરના વાહનચાલકોને અટકાવીને દંડ ફટકારવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહીના કારણે ટ્રાફિક જામની સ્થિતિ પણ સર્જાઈ હતી અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે, 'સરકારે હેલ્મેટ ફરજિયાત કરતા પહેલા શહેરના રસ્તાઓ પરના ખાડાઓને સુધારવા જોઈએ.' જ્યારે કેટલાક વાહનચાલકોનું કહેવું છે કે, 'ગરમી અને ભેજવાળા વાતાવરણમાં હેલ્મેટ પહેરવું શક્ય નથી. આ ઉપરાંત હેલ્મેટ પહેરવાથી સાઈડમાં જોવું મુશ્કેલ બને છે, જેનાથી અકસ્માતનો ભય રહે છે.'રાજકોટમાં સ્પેશિયલ હેલ્મેટ ડ્રાઈવ અંગે ટ્રાફિકના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (DCP) હરપાલસિંહ જાડેજા જણાવ્યું હતું કે, 'હેલ્મેટનો કાયદો વર્ષ ૧૯૮૮થી અમલમાં છે, તેમ છતાં ઘણાં લોકો તેનું પાલન કરતા નથી. અકસ્માતના મોટાભાગના કેસમાં માથામાં ગંભીર ઈજા થવાને કારણે મૃત્યુ થાય છે અને હેલ્મેટ આવી ઈજાઓથી બચાવી શકે છે. બાઈક પર પતિ-પત્ની અને બાળક હોય તો બાળકને પણ હેલ્મેટ પહેરવું ફરજિયાત છે. આ નિયમ લોકોના જીવનની સુરક્ષા માટે જ છે. અમારી આ પહેલનો હેતુ લોકોને હેલમેટ પહેરવા માટે પ્રોત્સાહિત કરવાનો અને ટ્રાફિકના નિયમોનું પાલન કરાવવાનો છે.

ઉલ્લેખનીય છે કે હેલ્મેટ અંગેની પોલીસ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરવામાં આવતા અનેક સ્થળે પોલીસ અને વાહનચાલકો વચ્ચે બોલાચાલી અને સામાન્ય ઘર્ષણ થયાના અહેવાલો સામે આવી રહ્યા છે.

### પાણી ભરાયેલા વિસ્તારની લીધી મુલાકાત

# બનાસકાંઠા કલેકટર અને એસપી ટ્રેકટરમાં બેસીને લોકો સુધી પહોંચ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા,

બનાસકાંઠામાં ૫૦૦થી વધુ લોકોનું સ્થળાંતર, રસ્તા ધોવાણથી ૧૩ જેટલા ગામડા સંપર્ક વિહોણા બન્યા છે, ૧.૫૦ લાખ ફૂડ પેકેટ અસરગ્રસ્ત નાગરિકો સુધી પહોંચાડાશે અને ૨૫૮ વીજળીના થાંભલા નુકસાનગ્રસ્ત, ૨૭૯ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો અને વીજપુરવઠો ફરી કાર્યરત કરવા ટીમો તૈયાર છે, જિલ્લામાં NDRF અને SDRFની ટીમો તૈનાત, રેસ્ક્યુ કામગીરી તેજ કરાઈ છે.

છેલ્લા ૨૮ કલાક દરમિયાન બનાસકાંઠા જિલ્લાના સરહદી તાલુકાઓમાં ભારે વરસાદ નોંધાયો છે. પવન સાથે ભારે વરસાદમાં ચારે તરફ વરસાદી પાણી જોવા મળી રહ્યું છે. સરહદી સુઈગામ, ભાભર, વાવ અને થરાદ તાલુકામાં ભારે વરસાદ નોંધાયો છે. બનાસકાંઠા જિલ્લા કલેકટર મિહિર પટેલની અધ્યક્ષતામાં આજરોજ પ્રાંત કચેરી, થરાદ ખાતે ડિઝાસ્ટરની ઉચ્ચ લેવલની બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેકટરે સબંધિત અધિકારીઓને ભારે વરસાદ દરમિયાન જરૂરી તમામ પગલા લેવા સૂચનાઓ આપી હતી. કલેકટર મિહિર પટેલે જણાવ્યું કે, છેલ્લા ૨૮ કલાક દરમિયાન વાવ અને થરાદ તાલુકામાં ૧૩ ઈંચ, ભાભરમાં ૧૬ ઈંચ, સુઈગામમાં ૧૭ ઈંચથી ભારે વરસાદ નોંધાયો છે. વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને આજે ૮ સપ્ટેમ્બરના રોજ જિલ્લાની તમામ શાળાઓ, આંગણવાડીઓ તથા તમામ શૈક્ષણિક સંસ્થાઓને બંધ રખાઈ છે. કલેકટરે જણાવ્યું કે, હાલમાં ૫૦૦ જેટલા લોકોનું સ્થળાંતર કરાયું છે. વાવ, થરાદ, ભાભર અને સુઈગામ તાલુકાઓમાં વધુ અસરગ્રસ્ત ૧૩ જેટલા ગામડા હાલ સંપર્ક વિહોણા બન્યા છે. જિલ્લા વહીવટી તંત્ર અને બનાસ ડેરીના સહયોગથી અત્યાર સુધી ૧.૫૦ લાખ જેટલા ફૂડ પેકેટ બનાવવામાં આવ્યા છે. આ ફૂડ પેકેટ વરસાદી પાણી ભરાવવાના કારણે જે લોકો ફસાયા છે તેમને વિતરણ કરાશે.કલેક્ટરે જણાવ્યું કે, ભારે પવન સાથે પડેલા વરસાદથી ૨૫૮ જેટલા વીજળીના થાંભલાને નુકસાન થયું છે. હાલમાં ૨૭૯ જેટલા ગામડાં છે જેમાં વીજળી નથી તે મરામત કરીને વીજળી પાછી લાવવા માટે તમામ ટીમોને સૂચના આપવામાં આવી છે. હાલમાં ૬ જેટલા પશું મૃત્યુ નોંધાયેલ છે. વરસાદનું પાણી ઉતર્યા બાદ ચોક્કસ પરિસ્થિતિનો વધુ ખ્યાલ આવી શકશે. ભારે વરસાદને પગલે રસ્તાઓનું પણ ધોવાણ થયું છે. માર્ગ અને મકાન વિભાગ પંચાયતના કુલ ૮ અને માર્ગ અને મકાન વિભાગ રાજ્યના કુલ ૫ મળી કુલ ૧૩ જેટલા રસ્તાઓનું ધોવાણ થતા ૧૩ જેટલા ગામડાઓ સંપર્ક વિહોણા થયા છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા પોલીસ અધિક્ષક સહિત જિલ્લાના તમામ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક પૂર્ણ કરાઈ છે. તમામ વિભાગને એલર્ટ કરીને સૂચનાઓ આપવામાં આવી છે. ભારે વરસાદને પગલે ફસાયેલા લોકોનું રેસ્ક્યુ કરવા માટે સૂચના આપવામાં આવી છે. જિલ્લામાં ૧ NDRF અને ૨ SDRFની ટીમ તૈયાર છે. આ ઉપરાંત વધુ એક ૧ NDRF અને ૨ SDRF ની ટીમ સરકાર દ્વારા મોકલવામાં આવી છે. જિલ્લા કલેકટરે નાગરિકોને નદી કાંઠા અને નીચાણવાળા વિસ્તારમાં ના જવા તથા વહીવટી તંત્ર તરફથી આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા અનુરોધ કર્યો છે.